ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૭ મે, ૨૦૨૬ બુધવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૦૭ ◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94 ◆સંવત ૨૦૮૨ ◆જેઠ સુદ - ૧૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## કચ્છમાથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડીકેટનો ભાંડાફોળ

**જહાજ બ્રાઝિલ, મેક્સિકો, યુએસ - કરાંચી થઈને મુંદરા પહોચ્યું**


# મુંદરામાંથી કરોડોના ડ્રગ્સકાંડનો પર્દાફાશ






રાજય પોલીસ વડા શ્રી કે એલ એન રાવે એટીએસ અમદાવાદ મધ્યસ્થ કાર્યાલયથી કરી પ્રેસ : ઓપેરશનની માહીતીઓ કરી રજુ

### ગુજરાતને ડ્રગ્સનું ગેટ વે નહીં બનવા દઈએ : હર્ષ સંઘવી



રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ સફળતા અંગે સોશિયલ મીડિયા પર માહિતી શેર કરતા કહ્યું કે, ૧૧૫ કિલો કોકેઈન. ૧૦૦૦ કરોડ. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારતા જણાવ્યું હતું કે, ગુજરાત ક્યારેય ડ્રગ્સનું ગેટવે બનશે નહીં. આ જટિલ ઓપરેશનને સફળ બનાવનાર ગુજરાત એટીએસ , ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને કચ્છ એસઓજીના તમામ અધિકારીઓની કામગીરીને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

### ગૃહમંત્રી અમીત શાહના આગમન પહેલા કાર્યવાહી સૂચક

એકતરફ અબડાસા, લખપત અને માંડવીના દરિયા કિનારેથી બિનવારસુ ચરસ, હેરોઈનના પેકેટો મળી રહ્યા છે. આ સિવાય દરિયામાં તણાઈને આવતા પાંખડા, ડ્રોન, સેટેલાઈટ ફોન મળી રહ્યા છે. મુંદરામાં થોડા સમય અગાઉ જેહાદી ડ્રગ્સ પકડાયું હતું. આ વચ્ચે શુક્રવારે હરામીનાળા ખાતે ગૃહમંત્રી અમીત શાહ આવી રહ્યા છે. આ પહેલા થયેલી આ કાર્યવાહી સૂચક માનવામાં આવે છે.







### કોસ્ટગાર્ડ અને એટીએસનું ૧૫મું ઓપરેશન

નશામુક્ત ભારત અભિયાનને સાર્થક કરતા કોસ્ટગાર્ડ અને એટીએસની આ સંયુક્ત ૧૫મી કાર્યવાહી છે. છેલ્લા પાંચ વર્ષમાં બંને એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં મોટાભાગના કેસ કચ્છમાં થયા છે.

### પૂર્વ આયોજન

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ ડ્રગ્સ બ્રાઝિલથી લોડ કરવામાં આવ્યું હતું અને અમેરિકા, મેક્સિકો તથા યુએસના વિવિધ બંદરો થઈને મુન્દ્રા પહોંચ્યું હતું. આ માદક પદાર્થને મોટી બોટમાંથી નાની બોટમાં ટ્રાન્સફર કરીને ડિલિવરી કરવાની યોજના હતી.

### ઝડપાયેલા આરોપીઓ

ઓપરેશન દરમિયાન નાઈજીરીયાના રહેવાસી બે શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. આ જથ્થો દિલ્હીના દ્વારકા વિસ્તારમાં રહેતા તાંજાનિયા અને યુગાન્ડાના બે શખ્સો Kelvin Chukwuma - Byaruhanga James લેવાના હતા, જેમને પણ પોલીસે પકડી લીધા છે.

### જપ્ત કરાયેલ મુદ્દામાલ

બોટની તલાશી લેતા કોકેઈન હોવાની શંકા ધરાવતા ૧૧૫ જેટલા પેકેટ મળી આવ્યા હતા, જેનું કુલ વજન અંદાજે ૧૧૮ કિલો થાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એક કિલો કોકેઈનની કિંમત અંદાજે ૧૦ કરોડ રૂપિયા આંકવામાં આવે છે.

ગાંધીધામ : એટીએસ તથા અનસીબી દ્વારા મુંદરામાથી કરોડોનો કોકેઈનનો ડ્રગ્સનો જથ્થો સફળતાથી પૂર્વક ઓપેરેશન પાર પાડીને ઝડપી પાડવામા આવ્યું છે. આજ રોજ આ બાબતે એટીએસ કાર્યાલય મધ્યેથી રાજયના પોલીસ વડા શ્રી રાવે પ્રેસ યોજી અને માહીતી આપી હતી. તેઓએ કહ્યુ હતુ કે, ડ્રગ્સ મુક્ત ગુજરાત માટે રાજય સરકાર-પોલીસ વિભાગ કટિબદ્ધ છે. ગુજરાત રાજયના પોલીસ વડા શ્રી રાવે આજે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને કચ્છના મુન્દ્રા દરિયાકાંઠે હાથ ધરવામાં આવેલા એક સફળ સંયુક્ત ઓપરેશનની વિગતો જાહેર કરી હતી. ગુજરાત એટીએસ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે.એટીએસના પોલીસ અધિકારી જેમ પટેલની ટીમને બાતમી મળી હતી કે પાકિસ્તાનના પોર્ટ કાસીમથી નીકળેલું એક જહાજ મોટા પ્રમાણમાં માદક પદાર્થો લઈને કચ્છના દરિયાકાંઠે આવી રહ્યું છે. આ બાતમીના આધારે એટીએસના એસપી શ્રી સિદ્ધાર્થ અને તેમની ટીમ તાત્કાલિક ૨૫મીની રાત્રે મુન્દ્રા રવાના થઈ હતી. ૨૬મી વહેલી સવારે, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના અધિકારીઓ સાથે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરીને 'યુરોપ' નામની શંકાસ્પદ બોટને આંતરવામાં આવી હતી.

રાજ્ય પોલીસ વડા શ્રી રાવે જણાવ્યું હતું કે, આ ડ્રગ્સનો મોટો જથ્થો પ્રથમ વખત લાવવામાં આવ્યો છે કે અગાઉ પણ આવી હેરાફેરી થઈ છે, તે અંગે ઊંડાણપૂર્વકની તપાસ ચાલુ છે. ઓપરેશન દરમિયાન એક શખ્સ પોલીસને જોઈને દરિયામાં કૂદી પડ્યો હતો, જેની શોધખોળ માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.ગુજરાત એટીએસ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની આ સક્રિયતાએ ડ્રગ્સ માફિયાઓના મનસૂબાઓ પર પાણી ફેરવી દીધું છે અને આ કેસમાં વધુ ખુલાસાઓ ફોરેન્સિક રિપોર્ટ બાદ સામે આવશે.

ગુજરાત ATS તથા ભારતીય કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરી બ્રાઝિલથી ગુજરાતના દરિયા કાંઠે પહોંચાડવામાં આવેલા અંદાજે ૧૫૦ કિલો જેટલા પ્રતિબંધિત માદક પદાર્થ કોકેનના જથ્થાને ઝડપી પાડવાના ગુનાહિત કાવતરાનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત ATSના પોલીસ અધિક્ષક જે.એમ. પટેલને મળેલી બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે યુરોપના નાગરિકો Nginite Nassoro Jumanne તથા Juma Nasir Omar અને તેમના સાગરીતો દ્વારા બ્રાઝિલથી દરિયાઈ માર્ગે કોકેનનો જથ્થો ગુજરાતના દરિયા વિસ્તારમાં લાવી દિલ્હી સુધી પહોંચાડવાની યોજના ઘડાઈ હતી.મળેલી ચોક્કસ માહિતીના આધારે ગુજરાત ATSના વરિષ્ઠ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થના નેતૃત્વમાં ટીમ રચી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ATSના અધિકારીઓ વી.આર. જાડેજા, બી.એમ. પટેલ તથા જે.પી. વરસોરાની ટીમો સાથે ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત તપાસ શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીમાં ભારતીય કોસ્ટગાર્ડના ઉચ્ચ અધિકારીઓ સાથે સંયુક્ત સંકલન કરવામાં આવ્યું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીઓ દ્વારા મુન્દ્રા નજીક દરિયાઈ વિસ્તારમાં બોટ મારફતે કોકેનનો જથ્થો પહોંચાડવાનો પ્રયાસ થવાનો હતો અને ત્યારબાદ આ જથ્થો દિલ્હી ખાતે રહેતા Kelvin Chukwuma તથા Byaruhanga James નામના વ્યક્તિઓને સોંપવાનો હતો. ATS અને કોસ્ટગાર્ડની સંયુક્ત ટીમ દ્વારા દરિયાઈ વિસ્તારમાં સતત વોચ ગોઠવી રાખવામાં આવી હતી.

ઓપરેશન દરમિયાન શંકાસ્પદ ગતિવિધિઓ નજરે પડતા દરિયાઈ વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આરોપીઓના નેટવર્ક, હવાલા મારફતે થતી નાણાકીય હેરફેર તેમજ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ

અનુસંધાન પાના નં.૪ પર

પૂર્વ કચ્છના ગાંધીધામ તાલુકામાંથી **મીઠીરોહર** **દરીયા**ની ખાડીમાંથી **૮૦૦કરોડ**નો કોકેઈનનો ઝડપાયો હતો **બિનવારસુ જથ્થો**, તે બાદ કચ્છમાંથી બીજો કોકેઈનનો **૧૧૮૦ કરોડ**નું મોટો જથ્થો મુંદરા દરીયામાથી પકડાયો

**જો મીઠીરોહર કોકેઈન કાંડની પણ ઉંડી તપાસ થાય તો મુંદરા જેવી જ કડીઓ ખુલવા પામી શકે**

## ચૂંટણી પ્રક્રિયા અંગે સુપ્રીમ કોર્ટનું મહત્વનું અવલોકનઃ ચૂંટણી પંચની સત્તા પર મહોર

ગાંધીનગર :

દેશમાં ચૂંટણી પ્રક્રિયાના સંચાલન અને તે બાબતે ચૂંટણી પંચની સત્તાઓને લઈને સર્વોચ્ચ અદાલતે ખૂબ જ મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ ચૂંટણી પ્રક્રિયા સંબંધિત એક અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં અરજીકર્તાઓ દ્વારા પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવા અંગે માંગણી કરવામાં આવી હતી. આ અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓને મોટો ફટકો આપ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણી પ્રક્રિયાને યોગ્ય રીતે હાથ ધરવાની અને તેનું સંચાલન કરવાની સંપૂર્ણ સત્તા ભારતીય ચૂંટણી પંચની છે.

સુપ્રીમ કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે દેશની લોકશાહી પ્રણાલીમાં ચૂંટણી પંચ એક સ્વાયત્ત અને બંધારણીય સંસ્થા છે, જેની પાસે ચૂંટણીના સુચારુ

અનુસંધાન પાના નં.૪ પર

## પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા અને રાજયમાં બિયારણ ની સ્થિતિ અંગે કેબિનેટમાં ચર્ચા

**આગામી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પીવાના પાણીની સ્થિતિ અને સિંચાઈના પાણીની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરી**

**વર્ક ફ્રોમ હોમની નીતિ સંદર્ભે કેબીનેટમાં ચર્ચા : જો આ નીતી અમલી બની તો ફાઈવ ડે વિકનો ફોર્મયુલા થઈ શકે લાગુ**

ગાંધીનગર : રાજ્યમાં પ્રિમોનસુન ની તૈયારી તેમજ ચોમાસા દરમિયાન ખેડૂતોને વાવેતર માટે પૂરતા પ્રમાણમાં ગુણવત્તા વાળું બિયારણ મળી રહે એ અંગે આજે કેબિનેટ બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને કૃષિ વિભાગને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપ રાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના શાસન પૂર્ણ થવાના અવસર પર યોજાનાર કાર્યક્રમ અંગે પણ ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ



ગરમીનો પારો ખૂબ જ ઉંચે ચડી ગયો છે, તમારા મતવિસ્તારમાં ફરકતા નહીં....

### ભારતમાં ઇબોલા વાયરસની એન્ટ્રી

નવીદિલ્હી : વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને આફ્રિકન દેશોમાં ભારે ઉત્પાત મચાવ્યા બાદ હવે ખતરનાક ઈબોલા વાયરસે ભારતમાં દસ્તક દીધી છે. અહેવાલો અનુસાર, આફ્રિકન દેશ યુગાન્ડાથી ભારત આવેલી એક મહિલામાં ઈબોલા વાયરસના અત્યંત ગંભીર લક્ષણો જોવા મળ્યા છે. સંક્રમણની આશંકાને પગલે તબીબી તંત્ર દ્વારા મહિલાને બેંગલુરુની ખાસ મેડિકલ ફેસિલિટીમાં ક્વોરન્ટાઈન કરી દેવામાં આવી છે અને તેના સેમ્પલ તપાસ અર્થે મોકલાયા છે.ઈબોલા વાયરસને તબીબી જગતમાં કોરોના કરતાં પણ વધુ ઘાતક અને જીવલેણ ગણવામાં આવે છે.

### સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનો પાકિસ્તાનને જડબાતોડ જવાબ





નવી દિલ્હીઃ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરીશે પાકિસ્તાનને ચેતવતા કહ્યું કે, સરહદ પાર આતંકવાદના ગંભીર પરિણામ ભોગવવા પડશે. ભારતને સીમા પાર આતંકવાદથી પોતાનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. સાથે જ ભારતીય પ્રતિનિધિએ પાકિસ્તાનને સલાહ આપી છે કે, તેઓએ દરેક પ્રકારના આતંકવાદને સપોર્ટ કરવાનું બંધ કરી દેવું જોઈએ.પી. હરીશે કહ્યું, પાકિસ્તાન તરફથી કરવામાં આવેલી નિરાધાર અને અનુચિત ટિપ્પણીઓનો જવાબ આપવો મારા માટે જરૂરી છે. ભારત તથ્યોને સ્પષ્ટ કરવા માગે છે. સ્વતંત્ર ભારતે પોતાની શરૂઆત પાકિસ્તાન તરફથી સરહદ પારથી થતા આક્રમણો સામે સંઘર્ષ કરતાં કરી, જે ભારતીય વિસ્તારો પર પોતાનો અધિકાર જમાવવા માંગતું હતું જે સંપૂર્ણ, કાનૂની

### TMCના ૫૦ ધારાસભ્યો - ૨૦ સાંસદો ભાજપમાં જોડાવા માટે તૈયાર

નવીદિલ્હી : પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ મમતા બેનર્જીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ હવે પોતાના જ નેતાઓના આંતરિક અસંતોષનો સામનો કરી રહી છે. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને બાંકુડાના સાંસદ સૌમિત્ર ખાને એક એવો દાવો કર્યો છે, જેનાથી બંગાળના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સૌમિત્ર ખાને દાવો કર્યો છે કે, ટીએમસીના આશરે ૫૦ ધારાસભ્યો અને ૨૦ સાંસદો પોતાની પાર્ટીથી નારાજ છે અને ભાજપમાં આવવા માટે તૈયાર બેઠા છે. સૌમિત્ર ખાને જણાવ્યું કે, આ તમામ નેતાઓ ભાજપના હાઈકમાન્ડના સંપર્કમાં છે. તેમણે આક્રમક અંદાજમાં કહ્યું, "જો ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ એકવાર લીલી ઝંડી આપી દે, તો બંગાળમાં ટીએમસી નામની કોઈ પાર્ટી જ નહીં બચે. દરેક વ્યક્તિ ભાજપમાં જોડાવા માટે તૈયાર છે.સાંસદ સૌમિત્ર ખાને તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક બેનર્જી પર પણ આકરા પ્રહારો કર્યા હતા.


ગાંધીધામમાં નિઃસંતાન દંપતીઓ માટે વિનામુલ્યે નિદાન કેમ્પ
તા.૩૦-૦૫-૨૦૨૬, શનિવાર
ડીવેરા ફર્ટિલિટી સેન્ટર, મા હોસ્પિટલ, પ્લોટ નં.૨૪૫, ડીસી-૨, ગુરૂકુળ સ્કૂલની બાજુમાં, ગાધીધામ - કચ્છ
ડીવેરા ફર્ટિલિટી સેન્ટર
ડો. ભાવિન કમાણી
Chief Consultant IVF Specialist & Laproscopy Surgeon
દરેક દંપતિને વ્યક્તિગત માર્ગદર્શન
ડો. ઋચા જોશી
Chief Embryologist & Reproductive Biologist
રૂબરૂ મુલાકાત માટે અત્યારે જ નિઃશુલ્ક નામ નોંધાવો
9023218190 / 6359271896

# કાયદાના રક્ષકોની શારીરિક સજ્જતા માટે પશ્ચિમ કચ્છ એસપીની સરાહનીય પહેલ







**ભુજ પોલીસ હેડક્વાર્ટર ખાતે રંગત જમાવતી એસપી કપ ૨૦૨૬ સીઝન-૨ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ : પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુંડાના સંવેદનશીલ અભિગમથી સજ્જ આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે ખેલદિલીનો માહોલ જામ્યો**

ભુજ - કચ્છઉદય : સતત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વચ્ચે વ્યસ્ત રહેતા પોલીસ તંત્રના અધિકારીઓ અને જવાનો માનસિક રીતે હળવાશ અનુભવી શકે તેમજ શારીરિક ફિટનેસ જાળવી રાખે તેવા ઉમદા હેતુ સાથે ભુજ ખાતે એસપી કપ ૨૦૨૬ સીઝન-૨ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પશ્ચિમ કચ્છ ભુજના પોલીસ અધિક્ષક વિકાસ સુંડાના વિશેષ માર્ગદર્શન અને પ્રેરણાથી યોજાઈ રહેલી આ સ્પર્ધામાં સમગ્ર પોલીસ પરિવાર ઉત્સાહભેર જોડાયો છે. પોલીસ જવાનોની સાથે સાથે તેમના પરિવારોના બાળકો પણ આ રમતગમતના ઉત્સવનો ભરપૂર આનંદ માણી રહ્યા છે. આ અનોખા આયોજન બદલ સમગ્ર પોલીસ બેડા દ્વારા પશ્ચિમ કચ્છ પોલીસ વડાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

ભુજ પોલીસ હેડક્વાર્ટર ખાતે તૈયાર કરવામાં આવેલું આ મેદાન માત્ર એક સામાન્ય ક્રિકેટ ગ્રાઉન્ડ નથી પરંતુ તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ એક અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તરીકે ઉભરી આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ફૂટબોલનું અદભુત ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ કોર્ટ, બોક્સ ક્રિકેટ, વોલીબોલ ગ્રાઉન્ડ, કબડ્ડી ગ્રાઉન્ડ, ટેનિસ ક્રિકેટ ગ્રાઉન્ડ અને સીઝન ક્રિકેટ ગ્રાઉન્ડ જેવી ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ગ્રાઉન્ડ પર રાત્રિના સમયે દૂધિયા પ્રકાશની રોશની વચ્ચે રમાઈ રહેલી મેચો ભુજવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

આ પ્રશંસનીય ટૂર્નામેન્ટની લોકપ્રિયતામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

અગાઉ યોજાયેલી પ્રથમ સીઝનમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો, જ્યારે ચાલુ વર્ષની એસપી કપ સીઝન-૨ માં વધુ ૪ ટીમોના વધારા સાથે કુલ ૧૬ ટીમો મેદાનમાં ઉતરી છે. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ૨૪ કલાક ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ તણાવમુક્ત અને ફ્રી માઈન્ડ રહી શકે. રમતગમતના માધ્યમથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પાયાના કર્મચારીઓ એકસાથે મેદાન પર રમે ત્યારે તેમની વચ્ચે પરસ્પર અદભુત ટ્યુનિંગ અને સંકલન સધાય છે, જે ભવિષ્યમાં પોલીસની વહીવટી કામગીરી અને જનતાની સેવામાં પણ ખૂબ જ સરળતા લાવશે. ભુજના આ નવનિર્મિત ભવ્ય મેદાનમાંથી ભવિષ્યમાં પણ સારા રમતવીરો બહાર આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કચ્છમાં નવી સ્પોર્ટ્સ સ્કૂલ શરૂ કરવા રસ ધરાવતી શાળાઓ પાસેથી અરજીઓ મંગાવાઈ

ભુજ - કચ્છઉદય : સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત કચ્છ જિલ્લામાં અથવા ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કચ્છ દ્વારા રસ ધરાવતી શાળાઓ પાસેથી સત્તાવાર અરજીઓ મંગાવવામાં આવી છે. આ શાળાની પસંદગી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નક્કી થયેલા નિયમો અનુસાર જ કરવામાં આવશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતી શાળાઓ માટે ચોક્કસ માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જે મુજબ શાળા ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધીની શિક્ષણ સુવિધા ધરાવતી હોવી જોઈએ. આ ઉપરાંત રમતગમતના મેદાન માટે શાળા પાસે ઓછામાં ઓછી ૩ એકર જમીન હોવી અનિવાર્ય છે, જેમાં શાળામાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતોની માળખાકીય સુવિધાઓનો સમાવેશ થવો જરૂરી છે. શાળામાં ભાઈ-બહેનોના નિવાસ માટે ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી હોસ્ટેલની સુવિધા હોવી જોઈએ. શૈક્ષણિક ગુણવત્તાની વાત કરીએ તો, શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ કક્ષાનું પરિણામ સાતત્ય પૂર્ણ હોવું જોઈએ અને લઘુત્તમ પરિણામ ૭૦ ટકા હોવું આવશ્યક છે. જે શાળાઓ પાસે પ્રાથમિક ખેલ સુવિધા અને પહેલેથી જ વિકસિત મેદાન ઉપલબ્ધ હશે તેમને આ પસંદગીમાં પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

આ તમામ નિયત માપદંડો અને યોગ્યતા ધરાવતી રસ ધરાવતી શાળાઓએ આગામી તારીખ ૨૦ જૂનના રોજ કચેરી સમય દરમિયાન સાંજે ૬:૧૦ કલાક સુધીમાં પોતાના આધાર-પુરાવા સાથેની અરજી સંબંધિત જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા અથવા રૂબરૂમાં પહોંચાડવાની રહેશે. આ અંગેની વધુ વિગતો કે માહિતી મેળવવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારી, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, માધાપર, રામ નગરી પ્રાથમિક શાળા સામે, માધાપરની કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## કચ્છડો યાદ કરિયા...

# કચ્છ પ્રત્યેનો વતનપ્રેમ વ્યક્ત કરવા તબીબે પોતાના સ્વકંઠે ગીત લોન્ચ કર્યું




**માતૃભૂમિના ઋણને ચૂકવવા ડૉ. ભાવિન કમાણીએ રાજકોટની ધિકતી પ્રેક્ટિસ છોડી ગાંધીધામમાં શરૂ કર્યું ડિવેરા ફર્ટિલિટી સેન્ટર : સંતાન સુખથી વંચિત કચ્છી પરિવારોના આંગણે પારણું બંધાય તેવા ઉમદા આશય સાથે તબીબ દંપતીએ માતૃભૂમિની સેવાનો કર્યો સંકલ્પ**

ભુજ - કચ્છઉદય : પોતાની માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ અને ઋણ અદા કરવાની ભાવના દરેક વ્યક્તિમાં અનન્ય હોય છે, પરંતુ જ્યારે કોઈ સફળ તબીબ પોતાની સર્વોચ્ચ કારકિર્દી અને ધિકતી કમાણી છોડીને વતનની સેવા કરવા પાછો ફરે ત્યારે તે ઘટના ખરા અર્થમાં વંદનીય બની જાય છે. મૂળ કચ્છના અંજાર તાલુકાના ખેડોઈ ગામના વતની અને જાણીતા વંધ્યત્વ નિવારણ નિષ્ણાત ડૉ. ભાવિન કમાણીના કિસ્સામાં આવું જ જોવા મળ્યું છે. રાજકોટમાં વ્યાવસાયિક રીતે ભારે સફળતા મેળવ્યા બાદ, તેમણે માતૃભૂમિ પ્રત્યેનો પોતાનો અદમ્ય પ્રેમ વ્યક્ત કરવા માટે પોતાના જ સ્વકંઠે ગાયેલું ભાવવાહી ગીત 'કચ્છડો યાદ કરિયા' લોન્ચ કર્યું છે, જે તેમના હૃદયમાં રહેલા અખંડ વતનપ્રેમની ગવાહી પૂરે છે.

વાત વર્ષ ૨૦૧૮-૧૯ના સમયગાળાની છે, જ્યારે રાજકોટમાં ડિવેરા ફર્ટિલિટી સેન્ટરનું કામકાજ નાના પાયે ચાલતું હતું. એ સમયે ડૉ. ભાવિન કમાણી અને ડૉ. ઋચા જોશીએ સાથે મળીને કરેલી અથાક મહેનત રંગ લાવી રહી હતી. આ સમય દરમિયાન બંને તબીબોએ કચ્છ અને સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાં નિઃસંતાન દંપતીઓ માટે વિનામૂલ્યે માર્ગદર્શન અને નિદાન કેમ્પનું આયોજન શરૂ કર્યું હતું. કચ્છના ભુજ, ગાંધીધામ અને માંડવી સહિતના સ્થળોએ વન-ટુ-વન કાઉન્સેલિંગ સેશન યોજીને અસંખ્ય નિઃસંતાન દંપતીઓને સાચું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું, જેના પરિણામે સેંકડો પરિવારોના આંગણે સંતાન પ્રાપ્તિનું પારણું બંધાયું હતું.

ડૉ. ભાવિન કમાણીએ આ તબક્કે પોતાના સહયોગી અને ડિવેરા ફર્ટિલિટી સેન્ટરના ડાયરેક્ટર અને એમ્બ્રિયોલોજીસ્ટ ડૉ. ઋચા જોશીનો ખાસ આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે ડૉ. ઋચા જોશી તેમના વ્યાવસાયિક પાર્ટનર હોવાની સાથે જ વતનની સેવાની આ સફરમાં ખરા અર્થમાં સહભાગી બન્યા છે. મૂળ રાજકોટના વતની હોવા છતાં, જ્યારે ડૉ. ભાવિન કમાણીએ કચ્છમાં સેન્ટર શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે ડૉ. ઋચા જોશીએ અમદાવાદ જેવી જગ્યાએ મોટી કારકિર્દી બનાવવાની તક છોડીને કચ્છ આવવાનો નિર્ણય ત્વરિત સ્વીકારી લીધો હતો. વ્યવસાયિક દ્રષ્ટિએ આ નિર્ણય ઘણો કઠિન હતો, છતાં નિઃસંતાન દંપતીઓની સેવાની આ મુહિમમાં સંપૂર્ણ કમિટમેન્ટ સાથે જોડાવાનો ડૉ. ઋચા જોશીનો નિર્ણય વંદનીય છે.

તબીબ દંપતીએ આ તકે ગર્વભેર જણાવ્યું કે ઈશ્વરે તેમને વંધ્યત્વ નિવારણનું જે વિશિષ્ટ જ્ઞાન આપ્યું છે, તેનો મહત્તમ ઉપયોગ તેઓ કચ્છની માતૃભૂમિના અક્ષાંશ-રેખાંશ પર વસતા લોકો માટે કરવા માંગે છે. અમારો એક જ દ્રઢ સંકલ્પ છે કે કચ્છના રણમાં સંતાનરૂપી પુષ્પનું ઉપવન ખીલવવું છે અને કચ્છના ખૂણે-ખૂણામાં કોઈ પણ દંપતિ નિઃસંતાન ન રહે તે જોવું છે. અમારો ઉદ્દેશ્ય નફો કમાવવાનો નથી, પરંતુ આ જાગૃતિ અભિયાન દ્વારા કચ્છના તમામ સામાન્ય અને મધ્યમવર્ગીય લોકો સુધી પહોંચવાનો છે. આગામી સમયમાં કેમ્પના માધ્યમથી કચ્છના એક-એક નિઃસંતાન દંપતિ સુધી પહોંચીને, તેમને તદ્દન નિઃશુલ્ક અને વૈજ્ઞાનિક અભિગમ સાથેનું સાચું માર્ગદર્શન પૂરું પાડીને દરેક કચ્છીના ઘરમાં કિલકિલાટ ગુંજતો કરવો એ જ અમારી સાચી કમાણી રહેશે.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
રોહા (સુમરી) ગ્રા.પં.
(તા.નખત્રાણા)
સરપંચ : નીતિનગીરી ધરમગીરી ગોસ્વામી
તલાટી : મકવાણા શ્રેયાંશી વિનોદભાઈ
તથા ગ્રા.પં.ના સર્વે સદસ્યો - ગ્રામજનો

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
વિભાપર ગ્રા. પં. (તા.નખત્રાણા)
-:: સરપંચ ::-
નવિનભાઈ પટેલ
-:: તલાટી ::-
નીતાબેન ભીંડે

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ઉખેડા ગ્રા.પં.
તા. નખત્રાણા
સરપંચશ્રી : તુષારભાઈ વી. ગોસ્વામી
તલાટીશ્રી : પ્રેમ દાફડા

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા....
શ્રી ક્રિષ્ના પેવર બ્લોક
મીરઝાપર, રઘુરાજ નગર, ભોલેનાથ પેટ્રોલ પંપની સામે, ભુજ.
શ્રી ક્રિષ્ના પેવર બ્લોક કોટડા જડોદર નખત્રાણા
શ્રી ક્રિષ્ના કન્સ્ટ્રક્શન ભરત આહિર-સુમરાસર મો. 9426454078

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ડાડોર/ઝાલુ ગ્રામ પંચાયત
(તા.નખત્રાણા)
સરપંચ : થૈબા હાસમ મુસા
તલાટી : પ્રાચીબેન પરમાર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
વેરસલપર ગ્રા.પં.
તા. નખત્રાણા
સરપંચશ્રી : રવિભાઈ પટેલ
તલાટીશ્રી : અર્ચનાબેન ગુસાઈ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
થરાવડા ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : છાંગા ઉમરશી માલાભાઈ
તલાટી : ભીંડે રીધ્ધી બંસીલાલ

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
જાડેજા માધુભા મનોહરજી
ગામ બિબ્બર તા. નખત્રાણા
પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા
રાજપૂત ક્ષત્રિય સમાજ કરણી સેના

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
નિરોણા ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
-:: સરપંચ ::-
નરોત્તમભાઈ ખેતશીભાઈ આહિર (NT)
-:: તલાટી ::-
ઉમરાણીયા ધ્રુવીબેન જગદીશભાઈ
-:: મંત્રી ::-
દિપેનકુમાર જયંતીલાલ પોકાર
તથા ગ્રા.પં.ના સર્વે સદસ્યો - ગ્રામજનો

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
વંગ ગ્રામ પંચાયત
(તા.નખત્રાણા)
સરપંચ : ગોવિંદ આહિર
તલાટી : પ્રાચીબેન પરમાર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
GHI એન્ટરપ્રાઈઝ
ભડલી, તા.નખત્રાણા

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
વિથોણ ગ્રામ પંચાયત (તા.નખત્રાણા)
સરપંચ : મહેશ્વરી લક્ષ્મીબેન વિઠ્ઠલભાઈ
ઉપસરપંચ : રતીલાલ ખેતાણી
મંત્રી : હર્ષા બારોટ
તલાટી : જગદીશ પરમાર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
વડવા (ભોપા) ગ્રા.પં.
(તા.નખત્રાણા)
સરપંચ : દેવાભાઈ વંકાભાઈ ભોપા
તલાટી : નારાણભાઈ આહિર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
વી.કે. કેશરાણી એન્ટરપ્રાઈઝ
નખત્રાણા

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
સુખપર (રોહા) ગ્રા.પં. (તા.નખત્રાણા)
-:: સરપંચ ::-
વિક્રમભાઈ ગરવા
-:: તલાટી ::-
હિતેશભાઈ પટેલ

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
સોની હિંમતલાલ બેચરલાલ
સોના ચાંદીના દાગીનાના વેપારી
મેઈન બજાર-નખત્રાણા-કચ્છ.
પ્રો. સંજયભાઈ બી. સોની
મો. ૯૮૭૯૧ ૨૨૨૧૧

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
સાંગનારા ગ્રા.પં.
તા. નખત્રાણા
સરપંચશ્રી : શંકરભાઈ ગોપાલભાઈ પટેલ
તલાટીશ્રી : સંગીતાબેન ઠક્કર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
શારદાબેન
રમેશભાઈ આહિર
બિબર
તા.પં.સદસ્યા કોંગ્રેસ

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

# અંજાર-દુધઈ-પધ્ધરની વાડીઓમાંથી ૩૮ ચોરીઓનો ભેદ ઉકેલાયો

**શાબાસ છે** અંજારના નવનિયુકત પીઆઈશ્રી જાડેજાની ટીમને








**૧૫ દિવસ સુધી અંજાર પોલીસે વાડીઓમાં રેકી કરી ત્યારે આરોપીઓ પકડાયા**













વાડીઓમાં થતી કેબલ ચોરી રોકવા માટે અંજાર પી. આઈ. હકુમતસિંહ જાડેજાના માર્ગદર્શનમાં અંજાર પોલીસના કર્મચારીઓએ ૧૫ દિવસ સુધી અલગ - અલગ વાડીઓમાં આ રીતે પડાવ નાખ્યો હતો અને રેકી કરીને આરોપીઓને ઝડપી લીધા હતા. લાંબા સમયથી સક્રિય બનેલા તસ્કરો પકડાયા અને ૩૮ જેટલી ચોરીઓનો ભેદ ઉકેલાતા ખેડૂતો અને વાડી માલિકોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો છે.







ગાંધીધામ : અંજાર, દુધઈ અને પધ્ધર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી વાડીઓમાં બોરના કેબલ વાયરની સતત ચોરીઓથી ખેડૂતોમાં ફેલાયેલી ચિંતા વચ્ચે અંજાર પોલીસે મોટી સફળતા મેળવી છે. એક વર્ષથી કેબલ ચોરીના ગુનાઓને અંજામ આપતી ગેંગના મુખ્ય આરોપીને ઝડપી પાડી પોલીસે કુલ ૩૮ કેબલ ચોરીના બનાવોનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજા દ્વારા ખાસ ટીમો બનાવી છેલ્લા ૧૫ દિવસથી રાત્રિ પેટ્રોલિંગ અને વોચ ગોઠવવામાં આવી હતી. ચોક્કસ બાતમીના આધારે રતનાલ-મોડસર રોડ નજીક વોચ દરમિયાન પોલીસે જાકબ આમદ સમા (રહે. જુના દેઢીયા, તા. ભુજ)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી કેબલ વાયરનું કવર અને કટર મળી આવતા કડક પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાના સાગરિતો સાથે મળીને અંજાર, દુધઈ અને પધ્ધર વિસ્તારની વાડીઓમાંથી છેલ્લા એક વર્ષ દરમિયાન ૩૮ જેટલી કેબલ ચોરીઓ કરી હોવાની કબૂલાત આપી હતી.

તપાસ દરમિયાન આરોપીઓ દ્વારા ચોરી કરાયેલ કોપર વાયર અંજારના બે ભંગાર વેપારીઓને વેચવામાં આવતો હોવાનું પણ બહાર આવ્યું હતું. આ આધારે પોલીસે મામદ ઈશાક કુંભાર અને અબ્દુલ ઉર્ફે બચ્ચન ઈશાક કુંભારને પણ ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ૪૨૫ કિલોગ્રામ કોપર વાયર, એક મોટરસાયકલ અને એક શેવરોલેટ સ્પાર્ક કાર સહિત કુલ રૂ. ૪.૦૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ રાત્રિના સમયે મોટરસાયકલ અને કારમાં વાડી વિસ્તારમાં પહોંચતા, બોરના કેબલ કાપી કોપર અલગ કરતા અને બાદમાં તેને ભંગારમાં વેચીને આર્થિક લાભ મેળવતા હતા. મુખ્ય આરોપી જાકબ સમા સામે અગાઉ પણ ચોરી અને અન્ય ગંભીર ગુનાઓના અનેક કેસ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. હાલ પોલીસ દ્વારા ફરાર આરોપીઓ રજાક જુસા સમા, સીધીક રહેમના સમા અને સકુર અબ્દુલકરીમ સમાની શોધખોળ તેજ કરવામાં આવી છે અને સમગ્ર ગેંગના વધુ ગુનાઓ અંગે તપાસ ચાલુ રાખવામાં આવી છે.

## NEET પેપર લીક કેસમાં CBIએ કરી મોટી કાર્યવાહી

દિલ્હી : NEET-UG ૨૦૨૬ પેપર લીક કેસમાં CBI એ વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં લાતુરના ડોક્ટર ડો. મનોજ શિરુરેનો પણ સમાવેશ થાય છે. CBI ના જણાવ્યા અનુસાર, ડો. શિરુરેએ ત્રણ વિદ્યાર્થીઓને લીક થયેલા કેમિસ્ટ્રી પેપર પૂરા પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આરોપીઓમાંથી એક કોચિંગ સેન્ટર ઓપરેટરનો પુત્ર હોવાનું કહેવાય છે.

તપાસમાં જાણવા મળ્યું કે આ પેપર્સ આરોપી પી.વી. કુલકર્ણી પાસેથી મેળવવામાં આવ્યા હતા. બીજા ધરપકડ કરાયેલ આરોપી તેજસ હર્ષદકુમાર શાહ છે. તેજસ પુણેમાં ડૉ. અભંગ પ્રભુ મેડિકલ એકેડેમી માં ભૌતિકશાસ્ત્ર ફેકલ્ટી સભ્ય છે. તેના પર આરોપ છે કે તેણે ધરપકડ કરાયેલ આરોપી મનીષા હવાલદાર પાસેથી NEET-UG ૨૦૨૬ ભૌતિકશાસ્ત્રના લીક થયેલા પ્રશ્નો મેળવ્યા હતા. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે મનીષા હવાલદારને છ દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં મોકલ્યા છે. તે ૩૦ મે સુધી કસ્ટડીમાં રહેશે. તપાસ એજન્સીએ આરોપ લગાવ્યો છે કે મનીષાએ ભૌતિકશાસ્ત્રનું પેપર લીક કર્યું હતું અને તેને લોકોમાં ફેલાવ્યું હતું.

## તીવ્ર ગરમી વચ્ચે મોદીની દેશવાસીઓને મોટી અપીલ

દિલ્હી : સમગ્ર દેશમાં અત્યારે ઉનાળો પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને તાપમાન રોજ નવા રેકોર્ડ તોડી રહ્યું છે. ઉત્તરથી લઈને મધ્ય અને પશ્ચિમ ભારત સુધી સૂર્યદેવનો પ્રકોપ એટલો વધી ગયો છે કે સામાન્ય માણસનું જીવવું મુશ્કેલ બની ગયું છે.લૂ અને અસહ્ય ગરમીના આ ભયાનક દોર વચ્ચે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને એક અત્યંત મહત્વપૂર્ણ, સંવેદનશીલ અને ભાવુક અપીલ કરી છે. પીએમ મોદીએ દેશના નાગરિકોને આ મોસમમાં સતર્ક અને સાવધ રહેવાની સાથે સાથે એકબીજા પ્રત્યે કરુણા દાખવવાનો આગ્રહ કર્યો છે. વડાપ્રધાને ખાસ કરીને ઘરના વડીલોની તબિયત સાચવવા, રસ્તે ચાલતા વટેમાર્ગુઓની મદદ કરવા અને બેજુબાન પશુ-પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવા માટે દેશને આહવાન કર્યું છે.

વડાપ્રધાન મોદીએ દેશના દરેક નાગરિકને પોતાની તબિયત પ્રત્યે સભાન રહેવા જણાવ્યું છે. આ મોસમમાં શરીરમાં પાણીની અછત ન થાય તે સૌથી મહત્વનું છે. તેથી, વડાપ્રધાને નાગરિકોને વિનંતી કરી છે કે તેઓ સતત પાણી પીતા રહે અને પોતાને પૂરી રીતે 'હાઈડ્રેટેડ' રાખે.

## પરણિત કે અપરણિત દીકરીનો પિતૃક સંપત્તિ પરનો હક્ક લગ્ન થવાથી નાબૂદ થતો નથી

ભુજ - કચ્છઉદય : દીકરી પરણિત હોય કે અપરણિત, લગ્ન થવા માત્રથી તેનો પિતૃક સંપત્તિ પરનો કાનૂની હક નાબૂદ થતો નથી તેવો એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો કોર્ટે આપ્યો છે. આ કેસની વિગત મુજબ, ધનબાઈ ગાભુ સંઘાર અને રાણબાઈ ગાભુ સંઘારે તેમના પિતાની મિલકતમાં ભાગ મેળવવા તથા તેમના ભાભી તેમજ ભત્રીજા દ્વારા તેમના ભાગે આવતી મિલકતનો ફાળો કરી રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી આપવામાં આવે તેવી માંગણી કરતો દાવો દાખલ કર્યો હતો. આ દાવાના વિરોધમાં તેમના ભાભી વાલબાઈ ઈબ્રાહિમ સંઘાર તથા રવજી ઈબ્રાહિમ સંઘારે બચાવ રજૂ કર્યો હતો કે વાદીઓના લગ્ન ૪૦ વર્ષ પહેલાં થઈ ગયેલા છે અને તે સમયે જ તેમણે પોતાના હકો મેળવી લીધા હોવાથી હવે પરણિત પુત્રીઓનો આ જમીન પર કોઈ હક બનતો નથી. તેમજ દાવો કરાયેલી જમીન પર વાદીઓનો કોઈ કબજો ન હોવાથી પિતૃક મિલકતમાં તેમને કોઈ હક-ભાગ મળી શકે નહીં. કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, હિન્દુ વારસાઈ હક અધિનિયમની કલમ-૬ મુજબ કોઈપણ હિન્દુ વ્યક્તિની વણવહેંચાયેલી મિલકતમાં તેના દીકરા અને દીકરીઓ જન્મથી જ સમાન હકદાર ઠરે છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદાનો હવાલો આપીને જણાવ્યું હતું કે દીકરીઓને પિતૃક સંપત્તિમાં જન્મથી જ અધિકાર પ્રાપ્ત થાય છે. દીકરી પરણિત હોય કે અપરણિત, લગ્ન થવાથી તેનો પિતૃક સંપત્તિ પરનો હક ક્યારેય નાબૂદ થતો નથી અને પરણિત દીકરી પણ પોતાના પિતાની વારસાગત મિલકતમાં હિસ્સો માંગી શકે છે. આ મહત્વના તારણો સાથે કોર્ટે દીકરીઓનો દાવો મંજૂર કર્યો છે અને કલેક્ટરશ્રીને આદેશ કર્યો છે કે દાવો કરાયેલી જમીનમાંથી બંને દીકરીઓને ૬૦ દિવસની અંદર બે ભાગનો કબજો સોંપી આપવાનો હુકમ ફરમાવવામાં આવે. આ કેસમાં વાદી પક્ષ તરફથી વકીલશ્રી દેવાયત એન. બારોટ અને ખીમરાજ એન. ગઢવી હાજર રહીને દલીલો કરી હતી. તેમની સાથે ઉમૈર સુમરા, રામ ગઢવી, રાજેશ ગઢવી, જય કટુઆ અને અંકિત ભાનુશાલી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અંજાર બસ સ્ટેશન પાસેથી એક્ટિવા મોટરસાયકલની ચોરી: પોલીસ તપાસ શરૂ

અંજાર: અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચોરીનો બનાવ સામે આવ્યો છે. અંજાર બસ સ્ટેશન પાસેથી એક અજાણ્યા ઈસમે ફરિયાદીના એક્ટિવા મોટરસાયકલની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી જયેન્દ્રસિંહ અનિરુદ્ધસિંહ વાઢેર (રહે. ખેતરપાળ, અંજાર) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૦/૦૫/૨૦૨૬ના રોજ સવારના ૦૮:૩૦ થી રાત્રિના ૧૧:૩૦ કલાકના અરસામાં અંજાર બસ સ્ટેશન પાસેથી તેમનું એક્ટિવા મોટરસાયકલ (રજિસ્ટ્રેશન નંબર GJ-12-DF-8124, ચેસીસ નંબર ME4JF507HHU523588, એન્જિન નંબર JF50EU552310) કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો. ચોરી થયેલા વાહનની અંદાજિત કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- હોવાનું જણાવાયું છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પોતાના સ્તરે ટુ-વ્હીલરની તપાસ કરી રહ્યા હતા અને આર.સી. બુક ન મળવાના કારણે તથા ત્યારબાદ તપાસમાં વિલંબ થતાં આજે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.આ બાબતે અંજાર પોલીસે બી.એન.એસ. એક્ટની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી, એ.એસ.આઈ. નરશીભાઈ ઝાપડીયા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાહુલ ગાંધીનો 'દબંગ' અવતારઃ દક્ષિણ ભારતમાં કોંગ્રેસના કિલ્લાને મજબૂત કરવા લીધા 3 મોટા નિર્ણયો

નવી દિલ્હી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો અંદાજ હવે ઝડપથી બદલાઈ રહ્યો છે. લાંબા સમયથી ટીકાકારો તેમની નિર્ણય લેવાની ક્ષમતા પર સવાલો ઉઠાવતા હતા, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં તમિલનાડુ, કેરળ અને હવે કર્ણાટકમાં જે રીતે નિર્ણયો લેવાયા છે, તેનાથી એક વાત સ્પષ્ટ છે કે, રાહુલ ગાંધી હવે પહેલા કરતાં વધુ આક્રમક, વ્યવહારુ અને નિર્ણાયક ભૂમિકામાં આવી ગયા છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, રાહુલ ગાંધી હવે અન્ય નેતાઓ પર નિર્ભર રહેવાને બદલે પોતાની રાજકીય સૂઝબૂઝ પર વધુ ભરોસો કરવા લાગ્યા છે.

હાલમાં કોંગ્રેસ દક્ષિણ ભારતના પાંચમાંથી ચાર રાજ્યોમાં કાં તો સત્તામાં છે અથવા ગઠબંધન સરકારનો હિસ્સો છે. ભાજપ સામે લડવા માટે દક્ષિણને બચાવી રાખવું એ રાહુલ ગાંધીની સૌથી મોટી રાજકીય પ્રાથમિકતા છે. વર્ષ ૨૦૨૮ની કર્ણાટક વિધાનસભા ચૂંટણી અને આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધી અત્યારથી જ લાંબા ગાળાની વ્યુહરચના ગોઠવી રહ્યા છે.તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલાં જ રાહુલ ગાંધી ઈચ્છતા હતા કે, કોંગ્રેસ માત્ર ડીએમકે પર નિર્ભર રહેવાને બદલે અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજય સાથે ગઠબંધનની શક્યતાઓ ચકાસે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ આ વિચારની વિરુદ્ધ હતા, તેઓને લાગતું હતું કે DMKથી અંતર રાખવું જોખમી સાબિત થશે. પરંતુ રાહુલ ગાંધી જાણતા હતા કે વિજયની એન્ટ્રીથી તમિલનાડુના સમીકરણો બદલાયા છે. અંતે જ્યારે વિજયને મોટું જનસમર્થન મળ્યું, ત્યારે આખી પાર્ટીમાં રાહુલ ગાંધીની દૂરંદેશીના વખાણ થવા લાગ્યા.

## કેરળના પૂર્વ સીએમ પિનરાઈ વિજયનના ઘરે ઈડીના દરોડા

નવી દિલ્હી : કેરલમના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પ્રવર્તન નિદેશાલયે કેરલમના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વિપક્ષના નેતા પિનારાઈ વિજયન વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા તેમના અનેક સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે. ઈડીની આ મેગા એક્શન તેમની દીકરી વીણા વિજયનની આઈટી ફર્મ એક્સાલોજિક સોલ્યુશન્સ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીની અલગ-અલગ ટીમો આજે સવારથી જ પૂર્વ મુખ્યપ્રમુખ સાથે જોડાયેલા પરિસરો પર સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પૂર્વ સીએમના નિવાસસ્થાન સહિત કુલ ૧૦ સ્થળો પર હાલ તપાસ ચાલી રહી છે.

## પ્રધાનમંત્રી સડક યોજનામાં માર્ગોની ગુણવત્તા ચકાસાઈ નહીં, રુરલ ડેવલમેન્ટ મિનિસ્ટ્રીનો ધડાકો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં રસ્તાઓના મુદ્દે સામાન્ય વાહનચાલકોનો સૂર સરકાર તરફ રહ્યો નથી. ખાડાઓને કારણે દર વર્ષે રસ્તાઓની બૂમરાણ સરકારની પ્રતિષ્ઠા ખરડી રહી છે. દરમિયાન, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે એક એવો આંકડો જાહેર કર્યો છે, જે રાજ્ય સરકારના મજબૂત રસ્તાના દાવાઓની પોલ ખોલી ખુલી છે કેમકે, પ્રધાનમંત્રી સડક યોજનામાં એકેય માર્ગની ગુણવત્તા ચકાસવામાં આવી નથી.

શહેરોમાં ચકાચક રસ્તા બનાવી મતદારોને આકર્ષવામાં આવી રહ્યાં છે પણ ગામડાઓમાં બનતાં માર્ગો પ્રત્યે ઝાઝું ધ્યાન અપાતું નથી. કેન્દ્રીય મંત્રાલયના રિપોર્ટ મુજબ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મિઝોરમ, આસામ, પશ્ચિમ બંગાળ સહિત ૨૮ રાજ્યોમાં નેશનલ ક્વોલિટી મોનિટર્સે પ્રધાનમંત્રી સડક યોજના અંતર્ગત બનેલા રસ્તાઓની ગુણવત્તા ચકાસી હતી. કુલ ૨૦૬૧ માર્ગોની તપાસનું તારણ એવું આવ્યું કે ૪૦૦થી વધુ રસ્તાઓમાં અત્યંત નબળું કામ થયું હોવાનું બહાર આવ્યું છે. એટલે કે, દર પાંચમાંથી એક રસ્તો સરકારી ચોપડે જ નાપાસ થયો હતો.

## CMની ચીમકી બાદ બંગાળમાંથી બાંગ્લાદેશી ઘૂસણખોરોની હિજરત

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં ગેરકાયદેસર રીતે વસતા વિદેશી નાગરિકો સામે રાજ્ય સરકારે આક્રમક વલણ અપનાવ્યું છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ મંગળવારે સ્પષ્ટ શબ્દોમાં બંગલાદેશી ઘૂસણખોરોને દેશ છોડી દેવા તાકીદ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, "રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને તાત્કાલિક પોલીસને સોંપાશે, ત્યારબાદ બીએસએફ વતનમાં પાછા મોકલવામાં તેમની મદદ કરશે." ઘૂસણખોરો સામે આકરી કાર્યવાહી શરૂ થતાં જ બાંગ્લાદેશની સરહદે આવેલી ચેકપોસ્ટ પર બાંગ્લાદેશીઓનો ધસારો જોવા મળે છે. સુવેન્દુએ કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું, "અહીંથી જલ્દી ભાગી જાઓ, નહીંતર કડક કાર્યવાહી કરાશે. અમે ઘૂસણખોરોને જેલમાં રાખીને રોટલી ખવડાવવાના નથી. બાંગ્લાદેશના અધિકારીઓ પણ કહી ચૂક્યા છે કે જેઓ તેમના નાગરિક હશે, તેમને તેઓ સ્વીકારી લેશે." ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના હાકિમપુર ચેકપોસ્ટ પર મંગળવાર સવારથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી નાગરિકો એકત્ર થયા છે. આ લોકો રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે વસતા હતા અને હવે સ્વેચ્છાએ પાછા ફરવા સરહદે પહોંચ્યા છે. દરમિયાન, મુર્શિદાબાદ એવો પ્રથમ જિલ્લો બન્યો છે.

## પહેલા પાનાથી...

### મુંદરામાંથી કરોડોના

સિન્ડિકેટ સાથેના સંબંધોને લઈને પણ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. સમગ્ર મામલે વધુ પૂછપરછ અને તપાસ ચાલુ હોવાનું ગુજરાત ATS દ્વારા જણાવાયું છે.મુન્દ્રા નજીક આવેલા જવા મોટેલ જેટી વિસ્તારમાં દરિયામાં તરતા હાલતમાં પાંચ શંકાસ્પદ થેલાઓ મળી આવતા કોસ્ટગાર્ડ તથા સુરક્ષા એજન્સીઓએ મોટી કાર્યવાહી હાથ ધરી હતી. કોસ્ટગાર્ડની મદદથી પાણીમાંથી બહાર કાઢવામાં આવેલા આ પાંચેય થેલાઓની તપાસ દરમિયાન તેમાં રહેલા પાર્સલોમાંથી મોટી માત્રામાં પ્રતિબંધિત પદાર્થ મળી આવ્યો હતો.પ્રાથમિક તપાસ અને ફીલ્ડ ટેસ્ટ દરમિયાન મળેલ પદાર્થ કોકેઈન હોવાની પુષ્ટિ થતા એજન્સીઓ સતર્ક બની ગઈ હતી. પાંચેય થેલાઓમાંથી કુલ ૧૧૫ પેકેટ મળી આવ્યા હતા, જેનું કુલ વજન અંદાજે ૧૧૮.૬૭૧ કિલો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત થેલાઓમાંથી ચાર એપલ એર ટેગ્સ પણ મળી આવ્યા હતા. સમગ્ર કામગીરી દરમિયાન એમ.જી. કચ્છ-ભુજ પોલીસ, એ.ડી. પરમાર, કોસ્ટગાર્ડ, મરીન પોલીસ તથા તેમની ટીમો હાજર રહી હતી.

તપાસ આગળ વધતા એજન્સીઓને વાડામાંથી શંકાસ્પદ બોટ અંગે માહિતી મળી હતી. ત્યારબાદ ગુજરાત ATS અને કોસ્ટગાર્ડની સંયુક્ત ટીમે દરિયામાં બોટને રોકી તેની તલાશી લીધી હતી. બોટમાંથી મળેલા સાધનો અને દસ્તાવેજોના આધારે આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મળી હતી. બોટમાં હાજર Juma Nasir Omar નામના શખ્સની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ ડ્રગ્સનો જથ્થો વિદેશમાંથી લાવવામાં આવ્યો હતો અને સમુદ્ર માર્ગે ડિલિવરી કરવાની તૈયારી ચાલી રહી હતી.વધુ પૂછપરછ દરમિયાન અન્ય આરોપી Ngingite Nassoro Jumanneneyo દરિયામાં કૂદી ફરાર થવાનો પ્રયાસ કર્યાની માહિતી પણ સામે આવી છે, જેની શોધખોળ હાલ ચાલુ રાખવામાં આવી છે. બોટના સ્ટીયરિંગ ગિયર બોક્સમાંથી Garmin કંપનીનું GPSMAP 67i GPS અને સેટેલાઈટ કોમ્યુનિકેટર પણ જપ્ત કરવામાં આવ્યું છે.આ કેસમાં Juma Nasir Omarની ધરપકડ કરી તેની સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. વધુમાં Kelvin Chukwuma અને Byaruhanga James નામના અન્ય શખ્સોને દિલ્હી ખાતેથી ગુજરાત ATS દ્વારા રાઉન્ડ અપ કરી ગુજરાત લાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક માહિતી મુજબ ઝડપાયેલા આરોપીઓ પૈકી એક નાઈજિરિયા અને એક યુગાન્ડાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.સમગ્ર ઓપરેશન દરમિયાન મુન્દ્રા પોર્ટ ઓથોરિટી દ્વારા પણ જરૂરી સહયોગ આપવામાં આવ્યો હતો. ગુજરાત ATS, કોસ્ટગાર્ડ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### ચૂંટણી પ્રક્રિયા

સત્તાઓ રહેલી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં નિર્દેશ આપ્યો હતો કે ચૂંટણીની પ્રક્રિયા કઈ રીતે કરવી અને તેને કયા માળખામાં અમલમાં મૂકવી તે સંપૂર્ણપણે ચૂંટણી પંચના અધિકારક્ષેત્રનો વિષય છે, જેમાં ન્યાયતંત્ર દ્વારા દખલગીરી ન થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે ચૂંટણી પંચના કાર્યો અને તેની વહીવટી પ્રક્રિયાઓમાં કોર્ટ કોઈ પણ પ્રકારનો અવરોધ કે હસ્તક્ષેપ કરવા માંગતી નથી, કારણ કે ચૂંટણીના સફળ સંચાલન માટે ચૂંટણી પંચની સ્વાયત્તતા જાળવી રાખવી અનિવાર્ય છે. આમ, સુપ્રીમ કોર્ટે આ નિર્ણય દ્વારા ચૂંટણી પંચના અધિકારોને અબાધિત ગણાવીને ચૂંટણી પ્રક્રિયાને લઈને ચાલી રહેલી તમામ અટકળો અને વિવાદો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.

### પ્રિમોન્સૂન કામગીરીની

મળે છે.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ ની બેઠકમાં રાજ્યમાં ચોમાસા નું આગમન થાય તે પહેલા રાજ્યમાં પ્રિમોન્સૂન ની તૈયારી અંગે જિલ્લાઓમાં કરવામાં આવેલી કામગીરી અંગેની સમીક્ષા કરીને મહેસુલ વિભાગને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન ખેડૂતોને વાવેતર માટે પૂરતા પ્રમાણમાં ગુણવત્તા વાળું બિયારણ ઉપલબ્ધ થાય તે માટે કેબિનેટ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને કૃષિ વિભાગને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં પીવાના પાણી અને સિંચાઈના પાણીની વ્યવસ્થા અને ઉપલબ્ધતા અંગે પણ કેબિનેટ બેઠકમાં ચર્ચા કરીને સિંચાઈ માટે અને પીવાના પાણી માટેના યોગ્ય આયોજન ઘડી કાઢવા માટેની પણ સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત થનારા કાર્યક્રમની તૈયારી અને તેની અમલવારી અંગે ચર્ચા વિચારણા કરીને વિભાગોને વિકાસ કાર્યક્રમો ઘડી કાઢવા માટેની સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પેટ્રોલ ડીઝલના વપરાશમાં કરકસર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિભાગોના સરકારી વાહનોના વપરાશ અંગે ઘડી કાઢવામાં આવેલ નિયમો તેમજ અધિકારીઓના પ્રવાસ માટે પણ નક્કી કરવામાં આવેલા નિયમોના કરવામાં આવી રહેલ અમલીકરણ કામગીરી અંગે પણ આજે કેબિનેટ બેઠકમાં સમીક્ષા કરીને સંબંધીત વિભાગોને અને અધિકારીઓને શક્ય હોય ત્યાં સુધી પ્રવાસ ટાળી ને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકો કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રાજ્યમાં આગામી ૧૮મી જૂનથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનારો હોય આ અંગે આજે કેબિનેટ બેઠકમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે પણ ચર્ચા કરીને કાર્યક્રમ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## અમદાવાદ એરપોર્ટ પર ગાંજા-ડ્રગ્સની હેરાફેરી માટે યુપી-કેરાલા લોબી એક્ટિવ

અમદાવાદ : દાણચોરી માટે ભારત જ નહીં પરંતુ દુનિયાભરમાં કુખ્યાત અમદાવાદ એરપોર્ટ પરથી હવે ડ્રગ્સ, હેરોઈન અને હાઈબ્રીડ ગાંજાની હેરાફેરી સતત વધી રહી છે. ચાલુ મહિનામાં જ એરપોર્ટ પરથી ૭૨ કરોડના સહિત બે મહિનામાં ૧૦૦ કરોડના નશાકારક પદાર્થો ઝડપાયા છે. આ ઓપરેશનમાં ઝડપાયેલા તમામ પેડલરો ઉત્તર પ્રદેશ અને કેરાલાના હોવાનું સામે આવતાં ડ્રગ્સ કાર્ટેલમાં યુપી અને કેરાલાની લોબી સક્રિય હોવાનું સામે આવી રહ્યું છે. તેથી આ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ હાઈબ્રિડ ગાંજા સાથે ઝડપાયેલા તમામ આરોપીઓ ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રના હોવાનું જણાયુ હતું.

અમદાવાદ એરપોર્ટ પરથી ઉત્તર પ્રદેશના એક મુસાફરને સેન્ટ્રલ એજન્સીની ટીમે ઝડપી લીધો હતો. તેની પાસેથી પોલીસે ૨૦ કરોડ રૂપિયાનો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. આવી જ રીતે ૪૬.૫૦ કરોડના હેરોઈન સાથે પણ એક મુસાફર ઝડપાયો હતો, જેના છેડા પણ ઉત્તર પ્રદેશ અને કેરાલા સાથે સંકળાયેલા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ ઉપરાંત હાઈબ્રિડ ગાંજા સાથે કેરાલાના બે મુસાફરોને પણ ઝડપી લેવામાં કસ્ટમ્સની ટીમને સફળતા મળી છે.

## ગુજરાતમાં ત્રણ દિવસ આંધી-તોફાન સાથે મેઘરાજા ધડબડાટી બોલાવશે, હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર : ગુજરાતમાં આ વર્ષે મે માસ એકંદરે માવઠાં અને પ્રિમોન્સૂન વરસાદ કે સી.બી.ક્લાઉડ ફોર્મેશન વગર આજ સુધી પસાર થયો છે પરંતુ હવે પંજાબથી પાકિસ્તાન થઈને ગુજરાત નજીકના ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર સુધી ટ્રફ છે અને ૨૮ મેના વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ત્રાટકી રહ્યું છે તેની અસર હેઠળ તા ૩૦, ૩૧ મે અને તા ૧ જૂન એમ ત્રણ દિવસ રાજ્યમાં આંધી અને ગાજવીજ સાથે તોફાની વરસાદનું એલર્ટ જારી કરાયું છે. મોસમ વિભાગ અનુસાર આજે અને તા ૨૮ બુધ, ગુરુવાર સૌરાષ્ટ્ર-કચ્છના કાંઠાળા વિસ્તારોમાં અકળામણ અનુભવાય તેવા ઉકળાટનું એલર્ટ જારી કરાયું છે. જ્યારે તા ૩૦ મેથી તા ૧ જૂન સુધી ઉત્તર ગુજરાત અને છેલ્લે સૌરાષ્ટ્ર કચ્છના અમરેલી, ભાવનગર સહિત જિલ્લામાં વિજળીના કડાકા ભડાકા અને કલાકના ૫૦ કિ.મી.ની ઝડપે આંધી સાથે વરસાદ વરસવાનું એલર્ટ જારી કરાયું છે. જો કે નૈઋત્યનું ચોમાસુ હજુ દક્ષિણે આજ સુધી કેરલમાં પ્રવેશ્યું નથી, કેરલ પાસે દરિયામાં ચાર દિવસથી સ્થિર છે. પરંતુ, ઉપરોક્ત તોફાની વરસાદની શક્યતા દેશની પશ્ચિમે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ટ્રફ, સાયક્લોનિક સર્ક્યુલેશન સહિત સીસ્ટમથી પ્રબળ બની છે.

જરૂર વગર ગેસ ન બાળો, દેશના વિકાસમાં આપો ફાળો ગેસનો કરકસરયુક્ત કરો વપરાશ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૨૭-૦૫-૨૦૨૬

# ગાંધીધામ મહાનગરપાલિકાની નવી કાર્યકારી શહેરના સુવર્ણ વિકાસયુગની શરૂઆત કરશે

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છા- અભિનંદન સાથે વિકાસમય સહકારનો વિશ્વાસ અપાયો

ગાંધીધામ : ગાંધીધામ શહેરના ઈતિહાસમાં એક ગૌરવશાળી અને ઐતિહાસિક ક્ષણરૂપ બની. રહેલી પ્રથમ મહાનગરપાલિકાની રચના બાદ નિમાયેલ મેયર, ડેપ્યુટી મેયર, શાસકપક્ષના નેતા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તથા દંડકશ્રીની નવી કાર્યકારીણીને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડ, ઉપ પ્રમુખ દીપકભાઈ પારેખ, માનદ મંત્રી મહેશભાઈ તીર્થાણી, સહ મંત્રી જતીનભાઈ અગ્રવાલ, ખજાનચી કૈલેશભાઈ ગોરે સંયુક્ત અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે, "ગાંધીધામ મનપાની આ પ્રથમ કાર્યકારીણી માત્ર વહીવટી માળખું નથી, પરંતુ શહેરના ભવિષ્યને નવી દિશા આપનાર એક સશક્ત વિકાસયાત્રાની શરૂઆત સમાન છે.''ી તેજા કાનગડે જણાવ્યું હતું કે, ગાંધીધામ આજે કચ્છ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના મહત્વપૂર્ણ વેપાર, ઉદ્યોગ અને લોજિસ્ટિક્સ હબ તરીકે ઉભરી રહ્યું છે. બંદર આધારિત અર્થતંત્ર, વૈશ્વિક વ્યાપારિક સંભાવનાઓ અને સતત વધી રહેલા નગરવિસ્તારને ધ્યાનમાં રાખતાં હવે શહેરને આધુનિક, સુવ્યવસ્થિત અને આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ નગરવ્યવસ્થા આપવાની તાતી જરૂરિયાત છે. નવી કાર્યકારીણી પોતાના દુરંદેશી નેતૃત્વ હેઠળ શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાફિક વ્યવસ્થા, પાણી પુરવઠો, ડ્રેનેજ, સફાઈ, સ્ટ્રીટલાઈટ, ગાર્ડન વિકાસ અને આધુનિક નગરસુવિધાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી ગાંધીધામને એક આદર્શ મહાનગર તરીકે વિકસાવશે તેવો દ્ઢ વિશ્વાસ ચેમ્બરે વ્યક્ત કર્યો છે.

ચેમ્બર દ્વારા ખાસ કરીને શહેરને વર્ષોથી સતાવતા લીઝ જમીનના પ્રશ્ન અંગે પણ આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેજાભાઈ કાનગડે વધુમાં જણાવ્યું હતું કે, "લીઝ જમીનનો મુદ્દો માત્ર જમીન પૂરતો મર્યાદિત નથી, પરંતુ હજારો પરિવારો, વેપારીઓ, ઉદ્યોગકારો અને સમગ્ર શહેરના આર્થિક વિકાસ સાથે સીધો સંકળાયેલો છે. નવી કાર્યકારી આ સંવેદનશીલ પ્રશ્નને પ્રાથમિકતા આપી રાજ્ય સરકાર સાથે સકારાત્મક સંવાદ અને દ્ઢ રજૂઆતો દ્વારા નાગરિકોને લાંબા ગાળાનો હિતકારક ઉકેલ અપાવશે તેવી અમને પૂર્ણ આશા છે.'' માનદ મંત્રી મહેશ તીર્થાણીએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, ગાંધીધામ શહેર પાસે પ્રવાસન, હોસ્પિટાલિટી, વેપાર-ઉદ્યોગ અને શહેરી વિકાસના વિશાળ અવસરો ઉપલબ્ધ છે. જો શહેરમાં સ્વચ્છતા, ગ્રીન ડેવલપમેન્ટ, રોડ કનેક્ટિવિટી, આધુનિક બજાર વ્યવસ્થા, જાહેર સુવિધાઓ અને નાગરિકમૈત્રી વહીવટને પ્રાથમિકતા આપવામાં આવશે તો ગાંધીધામ સમગ્ર રાજ્યમાં એક મોડલ મહાનગર તરીકે ઉભરી શકે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નવી કાર્યકારીણી જનહિત અને વિકાસને કેન્દ્રસ્થાને રાખી પારદર્શક અને પ્રગતિશીલ વહીવટ પૂરો પાડશે.ચેમ્બરના ઉપપ્રમુખ દીપકભાઈ પારેખે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અગાઉ પણ શહેર અને સંકુલના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહ્યું છે અને આગામી સમયમાં પણ મહાનગરપાલિકા સાથે સકારાત્મક સંકલન, રચનાત્મક સૂચનો અને સર્વાંગી સહકાર દ્વારા શહેરહિતના દરેક મુદ્દે ખભેખભા મિલાવી કાર્ય કરશે. વેપાર-ઉદ્યોગ, નાગરિક સુવિધાઓ અને આધુનિક શહેરી વિકાસ વચ્ચે સુમેળ જાળવી ગાંધીધામને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા ચેમ્બર સતત સહભાગી અને સહયોગી તરીકે પોતાની જવાબદારી નિભાવતું રહેશે તેવી ભાવના પણ વ્યક્ત કરવામાં આવી હતી. તેમણે આ તબક્કે મહાનગરપાલિકા ના મ્યુનીસીપલ કમિશ્નર મનીષ ગુરનાની તેમજ નવનિયુક્ત કમિશ્નર બી.ડી. દવેરા અને તેમની ટીમ ને પણ ખાસ યાદ કરેલ. અંતમાં ચેમ્બર પ્રમુખ શ્રી તેજા કાનગડ અને માનદ મંત્રી મહેશ તીર્થાણીએ નવી કાર્યકારીને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, "પ્રથમ મહાનગરપાલિકાની પ્રથમ કાર્યકારી તરીકે પ્રશાસન પાસે ઈતિહાસ રચવાની અમૂલ્ય તક છે. શહેરના નાગરિકો, વેપારીઓ અને સમગ્ર સંકુલને નવા નેતૃત્વ પાસેથી અસંખ્ય આશાઓ જોડાયેલી છે. અમને પૂર્ણ વિશ્વાસ છે કે, આપ સૌના સુઢ અને સમર્પિત નેતૃત્વ હેઠળ ગાંધીધામ વિકાસ, સુશાસન અને પ્રગતિના નવા અધ્યાય લખશે.'' તેવું અખબારી યાદીના માધ્યમથી માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવેલ.

# મુન્દ્રાના વોર્ડ નં.પમાં લોકો માટે કાર્યાલય ખૂલ્લો મૂકતા કાઉન્સીલર રાજેશ કષ્ટા

મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રાના પૂર્વ સરપંચ, આર.ડી. એજ્યુકેશનના પૂર્વ પ્રમુખ તેમજ વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા નામાંકિત સેવાભાવી એડવોકેટ ધર્મેન્દ્રભાઈ જેસર દ્વારા વોર્ડ નં. પમાં લોકસેવા કાજે કાન્સીલર રાજેશભાઈ કષ્ટાના હસ્તે કાર્યાલય ખૂલ્લું મૂકાયું હતું.

ધર્મેન્દ્રભાઈ જેસરે જણાવ્યું હતું કે, ફક્ત વોર્ડ નં.પ માટે જ આ કાર્યાલય ખૂલ્લું મૂકાયું છે, જેમાં આધારકાર્ડ, રાશનકાર્ડમાં નામ ઉમેરવા - કમી કરવા, સરકારી યોજનાના તમામ લાભોના ફોર્મ ભરી આપશું. શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે કોઈપણ વ્યક્તિને મદદરૂપ




બનશું. સરકારી ગ્રાન્ટ તથા ફંડફાળો એકત્રિત કરીને પણ વ્યક્તિને મદદ કરાશે.

આ પ્રસંગે નગરપાલિકાના કાઉન્સીલર રાજેશભાઈ કષ્ટા, પૂર્વ ચેરમેન ડાયાલાલ આહિર, લાલુભા પરમાર, કિશોર નકુમ, હીનલબેન પરમાર, હિતેશ પરમાર, ભરત માલમ, ભાવિક ચૂડાસમા, રૂપેશ માલમ, હસમુખ રાઠોડ, નિકુલ કષ્ટા, મહેશ કષ્ટા, જેન્તી મોડ, શતીષ માલમ, જગુભાઈ ભટ્ટ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ભચાઉ તાલુકામાં ગેરકાયદેસર રેતી અને ખનિજ ચોરી બંધ કરાવવા કલેક્ટરને રજૂઆત

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના ભરૂડીયા, કકરવા, આધોઈ અને શીકરપુર સીમ વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી કોઈપણ જાતની પરવાનગી વિના મોટા પાયે ગેરકાયદેસર રેતી તેમજ કિંમતી ખનિજ ચોરીનું દૂષણ વકરી રહ્યું હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિને રોકવા અને જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ સાથે સ્થાનિક અરજદાર ઈકબાલ શેખ દ્વારા કચ્છ કલેક્ટરને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે.અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ વિસ્તારોમાં દિવસ-રાત ભારે વાહનો અને મશીનરી દ્વારા ખુલ્લેઆમ રેતી અને ખનિજનું બિનઅધિકૃત ઉત્ખનન તેમજ પરિવહન થઈ રહ્યું છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માથાભારે અને અસામાજિક તત્વો ખુલ્લેઆમ હથિયારો સાથે ચોકીદારી કરતા હોવાથી સ્થાનિક લોકોમાં ભારે ભય અને દહેશતનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ખનિજ ચોરીના કારણે સરકારી તિજોરીને લાખો રૂપિયાના નુકસાનની સાથે કુદરતી પર્યાવરણને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

ભારે વાહનોની અવરજવરને કારણે ગામના રસ્તાઓ બિસ્માર બન્યા છે અને ધૂળના રજકણોથી પ્રદૂષણમાં વધારો થતાં સ્થાનિક લોકોના જનજીવન પર ગંભીર અસર પડી રહી છે.સ્થાનિક તંત્ર સમક્ષ અગાઉ અનેક વખત મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે ખનિજ માફિયાઓ બેફામ બન્યા છે. અરજીના માધ્યમથી માંગ કરવામાં આવી છે કે આ વિસ્તારમાં ચાલતા ડમ્પર, હિતાચી અને ટ્રેક્ટર જેવા વાહનોને તાત્કાલિક ધોરણે કબ્જે કરવામાં આવે અને જવાબદાર તત્વોના નામ જાહેર કરી પોલીસ દ્વારા કડક પગલાં લેવામાં આવે. આગામી સાત દિવસમાં જો સ્થાનિક લોકોને સંતોષ થાય તેવી યોગ્ય વહીવટી કે કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ભચાઉ મામલતદાર કચેરી સામે અચોક્કસ મુદતના ઉપવાસ આંદોલન અને ઉગ્ર દેખાવો કરવાની ચીમકી પણ અરજદાર દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 4 | | | | 9 | 3 | |
| | | 3 | 6 | | 2 | 1 | | |
| 6 | | 8 | | | | 4 | | 2 |
| | | | 1 | | 7 | | | |
| | | 5 | | 2 | | 6 | | |
| | | | 3 | | 6 | | | |
| 1 | | 9 | | | | 8 | | 3 |
| | | 6 | 9 | | 4 | 5 | | |
| | 3 | 7 | | | | 2 | 4 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 1 | 3 | 5 | 8 | 2 | 4 | 6 |
| 8 | 3 | 6 | 9 | 4 | 2 | 5 | 1 | 7 |
| 2 | 4 | 5 | 7 | 6 | 1 | 9 | 3 | 8 |
| 1 | 6 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 9 |
| 5 | 8 | 4 | 6 | 9 | 7 | 3 | 2 | 1 |
| 6 | 1 | 3 | 2 | 7 | 9 | 8 | 5 | 4 |
| 4 | 5 | 2 | 1 | 8 | 6 | 7 | 9 | 3 |
| 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 6 | 2 |

# અવસાન નોંધ



**ભુજ** : મૂળ વિંઝાણના વસંતકુંવરબા જાડેજા (ઉ.વ. ૭૩) તે સ્વ. સાવજસિંહજી વખતસિંહજી જાડેજા (પ્રમુખ કચ્છ ઈતિહાસ પરિષદ)ના પત્ની, વીરભદ્રસિંહ (શ્રી રાજપૂત કરણી સેના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ), શિવભદ્રસિંહ (આસિસ્ટન્ટ જનરલ મેનેજર ડી.પી. વર્લ્ડ-મુંદરા)ના માતા, કિશોરસિંહ (પૂર્વ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન), સજ્જનસિંહ (સરપંચ, વિંઝાણ ગ્રામ પંચાયત), સ્વ. પ્રાગજીભાઈ, હરિશ્ચંદ્રસિંહ (પૂર્વ પ્રમુખ અબડાસા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ), રઘુવીરસિંહ, વિક્રમસિંહ (ઉપપ્રમુખ કચ્છ જિલ્લા ભાજપ કિસાન મોરચા)ના ભાભી, હરદીપસિંહ, ધર્મદીપસિંહ, મહિપાલસિંહના દાદી, સ્વ. કલ્યાણસિંહજી ઉમેદસિંહજી વાઘેલા (વાસણા ઈયાવા)ના પુત્રી, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, શૈલેદ્રસિંહ વાઘેલાના બહેન તા. ૩-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી ૧૨ દિવસ સુધી નિવાસસ્થાન ભુજ ખાતે. પ્રાર્થનાસભા તા. ૨૮-૫-૨૦૨૬ના સાંજે ૪થી ૬ કડવા પાટીદાર સમાજવાડી (લક્ષ્મીનારાયણ અતિથિ ભુવન) ભુજ ખાતે.

**અંજાર** : મૂળ મુંદરાના સોની શાંતિલાલ હાથીરામ વૈઠા (ઉ.વ. ૮૦) તે જીતુબેન (જ્યોતિબેન)ના પતિ, હિતેષ, અમિતના પિતા, સ્વ. ભવાનજીભાઈ, સ્વ. લીલાધરભાઈ, સ્વ. વાડીલાલભાઈ, સ્વ. ચંદુબેન ખેંગારભાઈ ભીંડી, હરખુબેન રતનશીં પોલરાના નાના ભાઈ, સ્વ. પાર્વતીબેન હરજીવનભાઈના જમાઈ તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૫-૨૦૨૬ના બુધવારે સાંજે ૫થી ૬ પ્રજાપતિ છાત્રાલય ભવન, નયા અંજાર ખાતે.

**ભુજ** : મૂળ રામપર વેકરાના પ્રેમજી આત્મારામ બોચિયા (ઉ.વ. ૬૪) (એન્જલ એન્ટરપ્રાઈઝ) તે ગં.સ્વ. મીણાબાઈ આત્મારામના પુત્ર, સોનીબેનના પતિ, સ્વ. હંસા, લલિત, દક્ષા, મહેશના પિતા, સ્વ. મેઘબાઈ કમાં વારસુર, સ્વ. વાલબેન પચાણ સીજુ (ભુજ), બુધાભાઈ, ભચુભાઈ, સ્વ. ખેતાભાઈ, રાજાભાઈ, અમૃતભાઈના નાનાભાઈ, શિવજીભાઈ, રવજીભાઈના મોટાભાઈ, ભીખા દેવજી, કરશન દામજીના કાકા, ઉદય, મિત, એન્જલ, રચિત, શાનવીના દાદા, નિર્મળાબેન, રાજેશ ગુડાર (આદિપુર), ભારતીબેનના સસરા, મુરજી માયા સીજુ (ભુજ)ના બનેવી, સ્વ. માલશી, માવજી, દેવજી, અશોકના મામા, મનસુખ ઓઢાણા (ભુજ), કરમશી નારણ ગુડાર (આદિપુર), નાનજી ભીમજી ખરેટ (ભુજોડી)ના વેવાઈ તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા દહાડો તા. ૨૭-૫-૨૦૨૬ના સાંજે આગરી તથા ૨૮-૫-૨૦૨૬ના સવારે ઘડાઢોળ નિવાસસ્થાન રાવલવાડી ખાતે, પ્રાર્થનાસભા તા. ૨૭-૫-૨૦૨૬ના સાંજે ૫થી ૭ રામદેવપીર મંદિર ચોક, રાવલવાડી ખાતે.

**ફરાદી (તા. માંડવી)** : ગોસ્વામી વિપુલગિરિ હરિગિરિ (ઉ.વ.૪૬) તે લીલાવતીબેન હરિગિરિના પુત્ર, છાયાબેનના પતિ, મહેકગિરિ, હેતગિરિના પિતા, ચંદ્રેશગિરિના ભાઈ, સાધનાબેનના દિયર, રિંકલ, દેવાંગના કાકા, સરલાબેન નવીનપુરી ગોસ્વામી (કાઠડા), ડિમ્પલબેન દિનેશગિરિ ગુંસાઈ (ચંદ્રોડા), રશ્મિબેન સમીરગિરિ ગુંસાઈ (માધાપર)ના ભાઈ, સાગર, દીપક, પૂજન, ભાવિકા, શીતલ, દિવ્યાના મામા, ગં.સ્વ. જયાબેન શંકરગિરિ, સ્વ. શંભુગિરિ, સ્વ. કસ્તૂરબેન, સ્વ. વિદ્યાબેન, ગં.સ્વ. કાન્તાબેનના ભત્રીજા, પ્રવીણગિરિ, સ્વ. હર્ષદગિરિ, ભરતગિરિ, કલ્પેશગિરિ, કુમારગિરિ, અનીતાબેન, રીટાબેનના પિતરાઈભાઈ, સ્વ. કુંવરપુરી રામપુરી (નખત્રાણા)ના દોહિત્ર, સ્વ. પદ્માબેન નેનકમલગર (મુંબઈ), પ્રેમપુરી, સ્વ. રણછોડપુરી, સ્વ. નરેન્દ્રપુરી, સ્વ. રમેશપુરી હીરાપુરીના ભાણેજ, હંસાબેન મહેન્દ્રગિરિ (પદ્ધર)ના જમાઈ, ધવલગિરિ મહેન્દ્રગિરિના બનેવી તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૫-૨૦૨૬ના સાંજે ૪થી ૫ ભીડભંજન મહાદેવ મંદિર, ફરાદી ખાતે.

**નખત્રાણા** : બાબુભાઈ દેવજીભાઈ ભગત (ઉ.વ. ૭૪) તે સ્વ. શારદાબેનના પતિ, ભરતભાઈ, સચિનભાઈ, કમળાબેન (બેંગ્લોર), રસીલાબેન (રાયપુર), નીતાબેનના પિતા, પ્રવીણભાઈ, સ્વ. ભગવતીબેન (મહેસાણા)ના મોટાભાઈ, રેખાબેન, તૃપ્તિબેનના સસરા, ધ્રુવ, શુભમ, પાર્થ, તમન્નાના દાદા, પરેશભાઈના મોટાબાપા તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૭-૫-૨૦૨૬ સુધી નિવાસસ્થાન ગોકુલધામ સોસાયટી, નખત્રાણા ખાતે, તા. ૨૭-૫-૨૦૨૬ના સાંજે ૪થી ૫.૩૦ નવાવાસ પાટીદાર સમાજવાડી ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન નાની તુંબડીના દેવકાબેન દામજી સાવલા (ઉ.વ. ૯૪) તા. ૨૪-૫ના અવસાન પામ્યા છે. વેલબાઈ કેશવજીના પુત્રવધૂ, દામજીના પત્ની, લીલાવંતી, હેમલતા, શાંતિલાલ, વસંત, ગુણવંતી, જયશ્રી, કમલેશના માતા, મો. આસંબિયા વેલબાઈ ઉમરશી, રામણીયા રતનબેન ગેલાભાઈના પુત્રી, નવીનાળ લક્ષ્મી માવજી, રામાણિયા છગન, શાંતિલાલ, લક્ષ્મીચંદ, હરખચંદ, સાકર, મોટા આસંબિયા દામજી, ચાંપશી, પાનચંદ, પુનડી ઝવેરબેન હીરજી, તુંબડી મણિ તલકશી, કાંડાગરા ભાનુ માવજી, ભાડિયા મઠા તલકશી, રામાણિયા ગંગા જયંતીલાલના બેન, પ્રા. શ્રી. વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ હોલ, દાદર (વે). ટા. ૪થી ૫:૩૦. નિ. લીલાવંતી દિનેશ બૌઆ. ૧૦૪, સદગુરૂ શરણ, રસપાણ ચોકડી, ભક્તિ સર્કલ, નિકોલ, અમદાવાદ.

સાભરાઈના સંજય મુલજી મારૂ (ઉ.વ. ૬૧) તા. ૨૩-૫ના અવસાન પામ્યા છે. ખેતબાઈ મુલજીના પુત્ર, જયશ્રીના પતિ, પ્રિયાંશ, પલકના પિતા, પ્રવિણ, મણી, ઝવેર, ગીતા, વીણા, રેખાના ભાઈ, કોટડા (રોહા)ના મુલબાઈ માલશી લાલજીના જમાઈ, પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મુ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, પ્રેમજી જેઠા હોલ, માટુંગ (સે.રે.) ટા. ૩થી ૪:૩૦, નિ. સંજય મારૂ, ૧૦૧, પ્રેમગંગા, કસ્તુરબા રોડ, મુલુંડ (વે).

# ગાંધીધામ મહાનગરપાલિકાના વોર્ડ નં.૯ના સભ્યોએ કોંગ્રેસ અગ્રણીની લીધી શુભેચ્છા મુલાકાત







ગાંધીધામ મહાનગરપાલિકાના વોર્ડ નં.૯ના ચૂંટાયેલ સભ્યો ખીમજીભાઈ રોલા તથા પેનલના સભ્યોએ કોંગ્રેસના અગ્રણી હાજી જુમા રાયમાના ઘરે શુભેચ્છા મુલાકાત લીધી હતી. હાજી જુમા રાયમાએ તેમનું સાલથી સન્માન કરી લોકોએ મુકેલ વિશ્વાસને સાર્થક કરી હંમેશા લોકોના કામ કરી કોંગ્રેસ પાર્ટીને મજબૂત બનાવવા જણાવ્યું હતું. ચૂંટણીમાં મળેલ જીત બદલ તમામ સભ્યોએ આભાર વ્યક્ત કર્યો હતો. બાબુભાઈ આહીર તથા લતીફ ખલીફા સાથે રહ્યા હતા.

# કચ્છ નોંધ

**અંધજન મંડળ કેસીઆરસી**

● અંધજન મંડળ કેસીઆરસી ભુજ દ્વારા સંચાલિત અને લોહાણા મહાજન નખત્રાણાના સહયોગથી દરિયાસ્થાન મંદિર, નખત્રાણા ખાતે ચાલતી આંખની હોસ્પિટલમાં મોતિયો, વેલ જામર અને આંખના તમામ રોગોની તપાસ અને સારવાર તથા આંખના નંબરની તપાસ આધુનિક મશીનો દ્વારા તદ્દન મફત કરી આપવામાં આવે છે, તો સોમથી શુક્ર સવારે ૯ થી ૫ દરમ્યાન નખત્રાણા તાલુકાના કોઈપણ આંખના દર્દીઓ તપાસ ફ્રીમાં કરાવી શકશે અને ઓપરેશન લાયક દર્દીઓને ઓપરેશન દર શનિ-રવિ કચ્છની સૌથી મોટી અને આધુનિક આંખની હોસ્પિટલમાં સંસ્થા ખાતે ભુજમાં કરવામાં આવશે. નખત્રાણામાં આ પ્રકારની સેવાનો અભાવ હોવાથી સંસ્થા દ્વારા આ સગવડ શરૂ કરાઈ છે. વધુમાં વધુ લોકોને લાભ લેવા અનુરોધ કરાયો છે.

**ઈદ ઉલ અઝહા નમાઝ**

● મસ્જિદ એ સિકંદર સુલેમાન ખત્રી, સારાહબાગ, વાત્સલ્ય ગર્લ્સ સ્કૂલ પાછળ, ભુજ ખાતે તા.૨૮-પને ગુરૂવારનાં રોજ સવારે ૭ વાગ્યે મૌલાના કાસિમ કેર ઈદ ઉલ અઝહા નમાઝ પઢાવશે.

# ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિમંડળે નવનિયુક્ત કસ્ટમ કમિશ્નર-કંડલાની લીધેલ શુભેચ્છા મુલાકાત

ગાંધીધામ : ગાંધીધામ ચેંબર પ્રમુખ તેજા કાનગડના નેજા હેઠળ ચેમ્બર પ્રતિનિધિમંડળે કંડલા ખાતેના નવ-નિયુક્ત કમિશ્નરશ્રી દિનેશ સિંઘની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે કંડલા પોર્ટના વિકાસમાં કંડલા કસ્ટમ્સવિભાગના યોગદાનને યાદ કરી જણાવ્યું હતું કે કંડલા કસ્ટમ્સ વિભાગના સક્રિય અને સકારાત્મક સહયોગ એ કંડલા પોર્ટના કાર્ગો હેન્ડલિંગના ઉચ્ચ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં અત્યંત ઉપયોગી થાય છે. સમસ્ત ટ્રેડ અને શિપિંગ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ એસોસિએસનો વતીથીગાંધીધામ ચેમ્બરે તેમની કંડલા ખાતેની નિયુક્તિને આવકારી તેમના કંડલા ખાતેના કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



ચેમ્બર માનદમંત્રી મહેશ તિર્થાણીએ જણાવ્યું હતું કે નવ નિયુક્ત કમિશ્નરશ્રી સાથેની મુલાકાત પ્રસંગે ચેમ્બર પ્રતિનિધિમંડળે કસ્ટમ્સ વિભાગની પ્રસંસનીય કામગીરી અને ટ્રેડ પ્રત્યેના કસ્ટમ્સ વિભાગના સકારાત્મક સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે પોર્ટ અને કસ્ટમ્સ વિભાગના વિકાસ અને સંકલન અર્થે ગાંધીધામ ચેમ્બરના સહયોગની ખાત્રી આપી હતી. નવ નિયુક્ત કંડલા કમિશ્નરશ્રી દિનેશ સિંઘએ પ્રતિનિધિમંડળનો શુભેચ્છા મુલાકાત બદલ આભાર વ્યક્ત કરી પોર્ટ અને કસ્ટમ્સ વિભાગ સાથેના સંકલન અને સહયોગ અંગે ચેમ્બરના પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ તબક્કે પ્રમુખ તેજાભાઈ કાનગડે નવ નિયુક્ત કસ્ટમ્સ કમિશ્નરશ્રીને તેમના અનુકૂળ સમયે ચેમ્બર ખાતે પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રતિનિધિમંડળમાં ગાંધીધામ ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડ, માનદ મંત્રી મહેશભાઈ તિર્થાણી, ચેમ્બર કારોબારી સમિતિ સભ્ય સર્વ હરીશભાઈ માહેશ્વરી અને નરેન્દ્ર રામાણી જોડાયા હતા તેવું ચેમ્બર માનદ મંત્રી મહેશભાઈ તિર્થાણીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભુજ BSF કેમ્પમાં GAIMSના ડાયેટ વિભાગે ફૌઝી જવાનોને 'શ્રી અન્ન' એટલે કે મિલેટ્સના અગણિત ગુણધર્મો ગણાવ્યા

ગાંધીધામ - કચ્છઉદય : અદાણી સંચાલિત GAIMS જી. કે. જનરલ હોસ્પિટલના આહાર વિભાગ દ્વારા ભુજ સ્થિત BSF ૬૮ બટાલિયન કેમ્પસમાં 'પૌષ્ટિક આહાર અને મિલેટ્સના ઉપયોગ' વિષયે વાર્તાલાપનું આયોજન કરી,દેશની સરહદોનું રક્ષણ કરતા જવાનોની શારીરિક ક્ષમતા અને માનસિક સજ્જતા જાળવવામાં 'શ્રી અન્ન' એટલે કે મિલેટ્સનું (આખું અનાજ) અસાધારણ મહત્વ જવાનોને સમજાવ્યું હતું. સીમા સુરક્ષા દળના જવાનોનું કાર્ય અત્યંત કઠિન અને તણાવયુક્ત હોવાથી, તેમની કાર્યક્ષમતા વધારવા માટે હાઈ-પ્રોટીન અને પોષક તત્વોથી સભર સંતુલિત આહારની અનિવાર્યતા પર ભાર મૂકી ડાયેટિશ્યન ઉર્વીબેન મોતાએ જણાવ્યું હતું કે, દૈનિક આહારમાં બાજરી, જુવાર, રાગી, કંગની અને કોદરી, સામો જેવા મિલેટ્સનો સમાવેશ




કરવાથી શરીરમાં લાંબા સમય સુધી ઊર્જાનો પ્રવાહ ટકી રહે છે. મિલેટ્સ ફાઈબર અને કોમ્પ્લેક્સ કાર્બોહાઈડ્રેટ્સથી ભરપૂર હોવાને કારણે પાચનતંત્રને સુધારે છે અને શરીરના વજનને સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે. મિલેટ્સમાં રહેલા વિટામિન્સ અને ખનિજો સ્વાસ્થ્યને જાળવી રાખવા અને દ્રષ્ટિ તેજ બનાવવામાં પણ મહત્વનો ભાગ ભજવે છે તેમજ મિલેટ્સને પોષકતત્વોનો ખજાનો ગણવામાં આવે છે. ફૌજી જવાનો માટે સ્નાયુઓની મજબૂતી અત્યંત જરૂરી છે, માટે અંકુરિત કઠોળ, મગ, ચણા અને રાજમાં પ્રોટીનના શ્રેષ્ઠ કુદરતી સ્ત્રોત ઉપયોગી સાબિત થાય છે. હાડકાના સ્વાસ્થ્ય અને કેલ્શિયમની પૂર્તિ માટે દૂધ, દહીં અને પનીર જેવી ડેરી પ્રોડક્ટ્સ તેમજ માનસિક સતર્કતા માટે ડ્રાયફ્રૂટ્સનો ઉપયોગ કરવો હિતાવહ છે. આ પ્રસંગે મ્જીહ્ન કેમ્પસના ડો. અનાયા સરકાર પણ ઉપસ્થિત રહ્યા હતાં. જવાનોએ રસપૂર્વક પ્રશ્નોતરી પણ કરી હતી.

# આદિપુર ગોલ્ડ એન્ડ સિલ્વર મર્ચન્ટ એસોસિએશન દ્વારા BIS સેમિનારનું સફળ આયોજન

આદિપુર : 'આદિપુર ગોલ્ડ એન્ડ સિલ્વર મર્ચન્ટ એસોસિએશન' અને 'BIS' (Bureau of Indian Standards) ના સંયુક્ત ઉપક્રમે ગત તા. ૨૨/૦૫/૨૦૨૬ના રોજ એક માહિતીસભર અને સફળ સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં વેપારીઓ અને એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન BIS અધિકારી સુદિપ્ત કુમાર તથા પ્રવીણભાઈ ગર્ગ દ્વારા હોલમાર્કિંગ તેમજ BIS સંબંધિત નિયમો અને પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.'શ્રીજી હોલમાર્ક સેન્ટર'ના માલિક શ્રી મિરલભાઈ સદાણીએ લાઈસન્સ પ્રક્રિયા અંગે જરૂરી માહિતી આપતાં જણાવ્યું હતું કે, તમામ




સભ્યો માટે નિઃશુલ્ક લાઈસન્સ પ્રક્રિયામાં સહયોગ આપશે, જે જાહેરાતને સભ્યોએ વધાવી લીધી હતી. અમદાવાદથી પધારેલા હેમેન્દ્રભાઈ શાહ દ્વારા ટેક્સેશન, એકાઉન્ટિંગ અને વેપાર સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંજારના સી.એ. રાજનભાઈ સદાણીએ એડવાન્સ ટેક્સ અને તેના ફાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.એડવોકેટ પારૂલબેન સોની દ્વારા વેપારીઓને ઉપયોગી થાય તેવી કાનૂની અને વ્યવસાયિક માહિતી આપવામાં કરવામાં આવી હતી.કાર્યક્રમના અંતે એસોસિએશન દ્વારા તમામ મહાનુભાવો, વક્તાઓ અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સેમિનાર પૂર્ણ થયા બાદ સૌએ સાથે મળીને સ્નેહભોજનનો આનંદ માણ્યો હતો.આવા માહિતીસભર અને વેપારી હિતલક્ષી કાર્યક્રમો ભવિષ્યમાં પણ સતત યોજાતા રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# રત્નકણિકા

**પ્રેમ સૌથી કરો, વિશ્વાસ થોડાનો કરો પરંતુ કોઇનુંય કદાપિ ખરાબ ન કરવું.- શેક્સપિયર**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ સુદ-૧૧ કમલા એકાદશી તા.૨૭ મે ૨૦૨૬, બુધવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૯, ચિત્રા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સાંજે ૭:૦૦ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.

**વૃષભ** – ભાગીદારથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.

**મિથુન** – નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.

**કર્ક** – કાર્યબોજ હળવું બને. નવિન શુભ સમાચાર મળે.

**સિંહ** – પુરૂષાર્થ, પણ વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.

**કન્યા** – મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહી, પાડોશીથી સંઘર્ષ ટાળવો.

**તુલા** – વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે. મિલન-મુલાકાતમાં સફળતા રહે.

**વૃશ્ચિક** – વ્યવસાયિક કાર્યો સફળ થાય. માનસિક ચિંતા રહે.

**ધન** – નાણાંભીડ અનુભવાય. ભાઈ-ભાંડુથી લાભ થાય.

**મકર** – નવિન આયોજન કરી શકશો.

**કુંભ** – જમીન-મકાનને લગતા કાર્યો થાય. ધન ખર્ચ થાય.

**મીન** – સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ. મન પ્રફુલિત રહે.

**ઇંધણની બચત માટે ટેક્નોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ**

# ગાંધીનગરથી કચ્છની કોર્ટમાં જુબાની આપી પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે ચીંધ્યો નવીન રાહ

### સમય અને ઈંધણની બચત સાથે ન્યાયિક પ્રક્રિયામાં સુગમતા લાવવા અદ્યતન 'વિટનેસ ડિપોઝીશન સેન્ટર'નો મહત્તમ ઉપયોગ કરવા પોલીસ તંત્રને અનુરોધ

ગાંધીનગર : રાજ્યમાં ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને સરળ બનાવવાના ઉદ્દેશ્ય સાથે પોલીસ વિભાગ દ્વારા આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી કદમ ઉઠાવતા રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવે ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કચ્છની અદાલતમાં પોતાની જુબાની આપી હતી. આ પ્રક્રિયા દ્વારા સેંકડો કિલોમીટરની મુસાફરી કર્યા વિના અને કલાકોનો સમય વેડફ્યા વગર ખૂબ જ સુગમતાથી ન્યાયિક કાર્યવાહી પૂર્ણ કરીને તેમણે સમગ્ર પોલીસ તંત્ર માટે એક નવી રાહ ચીંધી છે.

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ પર નજર કરીએ તો, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના કારણે સમગ્ર વિશ્વમાં ઈંધણના ભાવ અને પુરવઠાને લઈને મોટી અનિશ્ચિતતા અને કટોકટી સર્જાઈ છે. યુદ્ધના વાતાવરણને લીધે ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન ખોરવાઈ રહી છે, જેના ગંભીર પડઘા ભારત જેવા દેશો પર પણ પડી રહ્યા છે. આ વૈશ્વિક પડકારને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને અપીલ કરી છે કે નાગરિકો ઈંધણનો ઉપયોગ અત્યંત સંયમ અને જવાબદારીપૂર્વક કરે. દેશની આર્થિક સ્થિરતા જાળવી રાખવા માટે ઊર્જાની બચત કરવી એ સમયની માંગ છે. આ પરિપ્રેક્ષ્યમાં, પોલીસ વડા દ્વારા લેવામાં આવેલું આ પગલું માત્ર વહીવટી સુગમતા માટે જ નહીં, પરંતુ રાષ્ટ્રહિતમાં ઈંધણની બચત કરવાના સંદેશ તરીકે પણ જોઈ શકાય છે.

સામાન્ય રીતે પોલીસ અધિકારીઓ કે સાક્ષીઓએ જુબાની આપવા માટે લાંબા અંતરની મુસાફરી કરીને જે-તે કોર્ટમાં હાજર રહેવું પડતું હતું, જેના કારણે કિંમતી સમયનો વ્યય થવાની સાથે સાથે ઈંધણનો વપરાશ અને નાણાકીય ખર્ચ પણ વધુ થતો હતો. આ સમસ્યાના નિવારણ અર્થે રાજ્યના ન્યાયતંત્ર અને પોલીસ વિભાગના સંયુક્ત પ્રયાસોથી હવે રાજ્યભરમાં ફોર્મલ વિટનેસ ડિપોઝીશન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર ઉપલબ્ધ અદ્યતન વીડિયો કોન્ફરન્સિંગ સુવિધા દ્વારા હવે દૂરના સ્થળે આવેલી કોર્ટમાં પણ સરળતાથી જુબાની આપી શકાય છે, જે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સામાન્ય સાક્ષીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

આ અંગે રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવના જણાવ્યા અનુસાર ટેકનોલોજીના આ યુગમાં ન્યાયિક પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવી અત્યંત આવશ્યક છે. ગાંધીનગરથી કચ્છ સુધીની લાંબી મુસાફરી ટાળીને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જુબાની આપવાથી જે સમય બચ્યો છે, તેનો ઉપયોગ રાજ્યની સુરક્ષા અને પોલીસિંગની અન્ય મહત્વની કામગીરીમાં કરી શકાય છે. ખાસ કરીને જ્યારે પશ્ચિમ એશિયાના સંકટને કારણે વૈશ્વિક સ્તરે ઈંધણ બચાવવાની તાતી જરૂરિયાત છે, ત્યારે સરકારી તંત્ર દ્વારા કરવામાં આવતી આવી પહેલ નાગરિકો માટે પણ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ સુવિધાના ઉપયોગથી માત્ર સરકારી નાણાં અને ઈંધણની મોટી બચત જ નથી થતી, પરંતુ પોલીસકર્મીઓનું માનસિક અને શારીરિક ભારણ પણ ઓછું થાય છે. આ અદ્યતન વ્યવસ્થા જેલના કેદીઓ માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ રહી છે, કારણ કે તેમને કોર્ટમાં રૂબરૂ લઈ જવાના સમયે થતો અતિશય ઈંધણનો વપરાશ, વાહનોની અવરજવર અને સુરક્ષા માટેના પોલીસ બંદોબસ્તની જરૂરિયાતમાંથી મુક્તિ મળી રહી છે. રાજ્યના પોલીસ વડાએ તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને આ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા માટે આહવાન કર્યું છે, જેથી ન્યાયિક પ્રક્રિયામાં ગતિશીલતા આવે અને વહીવટી ખર્ચમાં ઘટાડો કરી શકાય. ન્યાયતંત્ર અને પોલીસ વિભાગનો આ સહિયારો અભિગમ ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવામાં અને કટોકટીના સમયે દેશને આર્થિક રીતે સધ્ધર રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. આધુનિક ટેકનોલોજીનો આ પ્રકારનો ઉપયોગ આવનારા સમયમાં વહીવટી કામગીરીને વધુ ગતિશીલ અને પર્યાવરણને અનુકૂળ બનાવશે.




# પૂ. ગુરૂદેવ શ્રીશ્રી રવીશંકરજીનાં ૭૦માં જન્મદિને "અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ" અર્પણ કરાયો





ભુજ - કચ્છઉદય : ધી આર્ટ ઓફ લીવીંગ બેંગ્લોર દ્વારા પૂ. ગુરુદેવ શ્રી શ્રી રવીશંકરજીનાં ૭૦માં જન્મદિન નિમિત્તે ગાંધીધામ - કચ્છ મધ્યે કચ્છનાં પ્રબોધ મુનવરને સમાજસેવા ક્ષેત્રે તથા હીરલબા ચૌહાણને સ્પોર્ટસ ક્ષેત્રે "અનસંગ એવરીડે હીરોઝ એવોર્ડ" અર્પણ કરાયો હતો.

કચ્છમાંથી ૨૩ નોમીનેશન આવેલા. જે બેંગ્લોર ધી આર્ટ ઓફ લીવીંગ સેન્ટર બેંગ્લોરને મોકલવામાં આવેલ. પૂજ્ય ગુરુદેવ શ્રીશ્રી રવિશંકરજીએ બે નામો પસંદ કર્યા હતા. ભક્તજનોની વિશાળ ઉપસ્થિતિમાં એસઆરસી સત્સંગ હોલ હેમુકાલાની નગર આદિપુર મધ્યે યોજાયેલ આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમમાં પૂજ્ય ગુરુદેવ શ્રીશ્રી રવિશંકરજીનાં આશિર્વાદથી આ એવોર્ડ અર્પણ કરાયા હતા. પ્રારંભે ભાવિક મિસ્ત્રીએ ભજન-કીર્તન-સત્સંગની ભારે રમઝટ જમાવી હતી.

પ્રબોધ મુનવરે આભારની લાગણી વ્યક્ત કરતાં કચ્છભરમાં માનવજ્યોત સંસ્થા ભુજની ચાલી રહેલી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

જ્યારે હીરલબા ચૌહાણે સ્પોર્ટક્ષેત્રે મળેલ એવોર્ડ બદલ આભારની લાગણી વ્યક્ત કરી સ્પોર્ટસ અંગેની માહિતી આપી હતી.

દીપકભાઈ ગુપ્તા, નરેન્દ્રભાઈ કચ્છી, અશોકભાઈ પરીખ, આશાપુરા ગ્રુપ ઓફ કંપનીઝના સિનિયર મેનેજર માઝાભાઈ આહિર તથા સમગ્ર ટીમે કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી.

## કેરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ભુજની માનવજ્યોત સંસ્થાને ૭૫ હજારનું અનુદાન અપાયું



ભુજ - કચ્છઉદય : સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનાં કેરા મંદિરે પાટોત્સવ પ્રસંગે મુળ કેરાનાં હાલે મોમ્બાસાવાસી દાતા ઘનશ્યામભાઈ માવજી ટપરિયાએ પુત્ર સ્વ. રાજેશની સ્મૃતિમાં મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનાં આચાર્ય મહારાજ જિતેન્દ્રપ્રિયદાસજી સ્વામિનાં હસ્તે ભુજની માનવજ્યોત સંસ્થાને રુ. ૭૫૦૦૦ નું અનુદાન અપાયું હતું. માનવજ્યોતનાં પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજાએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## મુન્દ્રાના હટડી પાસે બાઈક સ્લીપ થતા મહિલાનું મોત

ભુજ - કચ્છઉદય : મુન્દ્રા તાલુકાના હટડી ગામ પાસે ગઈકાલે સાંજે અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં મહિલાનું મોત થતા અરેરાટી ફેલાઈ હતી.

આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીમાંથી જાણવા મળતી વિગતો મુજબ અંજાર તાલુકાના સંઘડ ગામમાં રહેતા પતિ-પત્ની અને તેમના માતા બાઈક પર બેસી ભદ્રેશ્વરથી ઘરે જતા હતા ત્યારે હટડી ગામ પાસે આ બનાવ બન્યો હતો. બાઈક સ્લીપ થતા ત્રણેયને ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે યુવકના માતા શકુરાબેનને મૃત જાહેર કર્યા હતા.

દંપત્તિને ઈજાઓ થઈ હોવાથી સારવાર ચાલુ હોવાનું હોસ્પિટલ ચોકીએથી જાણવા મળ્યું હતું.

# ભુજના લોટસ કોલોની વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી સામે સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ

**વહીવટી તંત્ર પક્ષપાત કરતું હોવાના આક્ષેપ સાથે આત્મવિલોપનની ચીમકી**





ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે આવેલા લોટસ કોલોની વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની કામગીરી દરમિયાન સ્થાનિક રહીશો દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવતાં વાતાવરણ ગરમાયું હતું. રસ્તાના નવનિર્માણ અને પહોળીકરણના બહાને માત્ર સામાન્ય નાગરિકોના રહેણાંક મકાનો તોડી પાડવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે સ્થાનિક લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. અસરગ્રસ્ત રહીશોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ દ્વારા કાયદાના અમલીકરણમાં બેધારી નીતિ અપનાવવામાં આવી રહી છે. રસ્તાની લાઈન દોરીમાં પોલીસ વડાના સરકારી બંગલાની જમીનનો અમુક હિસ્સો પણ આવતો હોવા છતાં, ઉચ્ચ અધિકારીના પ્રભાવ હેઠળ તે બાજુ માર્કિંગ કરવા કે તોડફોડ કરવા તંત્ર બિલકુલ તૈયાર નથી, જ્યારે બીજી તરફ વર્ષોથી વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના આશિયાના નિર્દયતાપૂર્વક છીનવી લેવામાં આવી રહ્યા છે. સ્થાનિકોએ તંત્રને ખુલ્લો પડકાર ફેંકતા સ્પષ્ટ માંગ કરી હતી કે જો આ કામગીરી ન્યાયી હોય, તો તેની શરૂઆત પ્રથમ વરિષ્ઠ અધિકારીના બંગલા તરફથી કરવામાં આવે. જો ત્યાંથી ડિમોલિશન શરૂ કરાશે તો પ્રજા પણ પોતાના ઘર તોડવા દેવા તૈયાર છે, પરંતુ પક્ષપાતી વલણ રાખીને માત્ર ગરીબોને જ લક્ષાંક બનાવવામાં આવશે તો તેને સહન કરવામાં નહીં આવે. આ દબાણ હટાવવાની ઝુંબેશ સામે લોકોનો રોષ એટલી હદે ચરમસીમાએ પહોંચ્યો હતો કે સ્થાનિકોએ વહીવટી તંત્ર, પોલીસ તંત્ર અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સામે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી સમયે મત માંગવા માટે રાત-દિવસ એક કરતા નેતાઓ અને નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ આજે જનતા જ્યારે મુશ્કેલીમાં છે ત્યારે સ્થળ પરથી ગાયબ છે. આ ઉપરાંત અગાઉ આ મામલે તત્કાલીન કલેક્ટર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી અને તેમણે યોગ્ય આશ્વાસન પણ આપ્યું હતું, વિરોધને ડામવા માટે તંત્ર દ્વારા મોટા પ્રમાણમાં પોલીસ કાફલો તૈનાત કરવામાં આવતા રહેવાસીઓએ આક્રોશ ઠાલવ્યો હતો કે પોલીસના ડરથી તેઓ પીછેહઠ કરવાના નથી.

## ગાંધીધામમાં બાઈકની ચોરી અંગે પોલીસ ફરિયાદ

ગાંધીધામ: ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાઈકની ચોરીની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મધ્યરાત્રિથી સવારના ૦૯:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન, મીઠીરોહર ગામમાં સીતારામ ટિમ્બરની પાછળ આવેલી નારણભાઈની વાડી પાસેથી ફરિયાદીનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ (રંગ: ગ્રે અને કાળો, મો.નં. જીજે-૧૨-ઈઈ-૮૩૫૧) કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો.આ બાબતે ફરિયાદી શ્રવણકુમાર નેહારામ ગૌર (રહે. પ્લોટ નં. ૭૫, સર્વે નં. ૧૨૩, સ્વામિનારાયણનગર, ગોલ્ડન પાર્કની સામે, મેઘપર બોરીચી, અંજાર; મૂળ રહે. ખારીયા, તા. બાડમેર, રાજસ્થાન) એ ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેઓ પોતાના વતન રાજસ્થાન ગયા હતા અને ત્યાં તપાસ કરતા બાઈક ન મળતા તેમના મોટાભાઈ તેજારામ દ્વારા ઓનલાઈન ઈ-ફરિયાદ કરવામાં આવી હતી. રૂ. ૫૫,૦૦૦/- ની કિંમતના આ વાહનની ચોરી અંગે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં આ મામલે પોલીસ દ્વારા તપાસ ચાલુ છે, જેમાં હેમરાજભાઈ એસ. સોનવણે (એ.એસ.આઈ, ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન) તપાસ કરી રહ્યા છે.

**ચૂંટણી પૂરી થતા જ ભાજપ વચનો ભૂલી ગયો ... પ્રજા તરસી**

# નલિયાની આજુબાજુની વાંઢો અને સોસાયટી વિસ્તારમાં પીવાના પાણીની અછત

**નલિયા - ૨ તાલુકા પંચાયત સભ્ય ઝુલેખા અબ્દુલ મોકરસી દ્વારા પ્રાંત અધિકારી અને તાલુકા પંચાયતમાં રજૂઆત કરી યોગ્ય પગલાં ન લેવાય તો ધારણાની ચીમકી અપાઈ**

નલિયા : ચૂંટણીમાં મોટી મોટી વાતો કરનાર અને વિકાસની બડાશ હાંકનાર ભાજપની પોલ સત્તા સંભાળ્યાના એક અઠવાડિયામાં જ નિકળી ગયી હોય તેમ નલિયા - ૨ બેઠકના તાલુકા પંચાયત સભ્ય દ્વારા તેમના વિસ્તારના મોકરશીવાંઢ, ભદ્રાવાંઢ, નુતીયારવાંઢ, મેમણવાંઢ, ભદુવાંઢ, જબરાવાંઢ, નલીયા સોસાયટી, નલીયા મફતનગર, સુડધ્રો નાની, સુડધ્રો મોટી, હોથીવાંઢ ગામે છેલ્લા ઘણા સમયથી પાણીનો વિતરણ અનિયમીત રીતે થઈ રહેલ છે તેની પ્રાંત અધિકારી અને તાલુકા પંચાયતમાં ફરિયાદ કરાઈ છે.

નલિયા - ૨ ના તાલુકા પંચાયત સભ્ય ઝુલેખાબેન અબ્દુલ મોકરસીએ કરેલી રજૂઆતમાં રામપર (અબડા) સંપ ઉપર મોટર નાની લાગેલ છે. જેના કારણે મેમણવાંઢ તેમજ ભદુવાંઢ ગામે પાણી પહોંચતો જ નથી. જેથી મોટર મોટી લગાડવામાં આવે.ભદુવાંઢ, મેમણવાંઢ,જબરાવાંઢ ગામે છેલ્લે તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ આવેલ હતો ત્યાર પછી આજદીન સુધી પાણીનો વિતરણ થયેલ નથી. મોકરશીવાંઢ ગામે એક દિવસ પાણીનો વિતરણ કરેલ તો દસ થી પંદર મીનીટ ચાલુ રહી બંધ થઈ ગયેલ આવુ છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલ છે અને આવીજ પરિસ્થિતિ નલીયા મફતનગર તથા હોથીવાંઢ, નલીયા સોસાયટી વિસ્તાર,સુડધ્રો નાની મોટીમાં પણ રહેલ છે.પાણી વગર પશુધન તેમજ માનવ મેરામણ ત્રાહીમામ પુકારી રહયો છે. હાલે ગરમીની સીઝન છે અને પાણી જીવન જરૂરી છે.જે પાણી આવતુ જ નથી.

જો આ બાબતે યોગ્ય નિર્ણય કરવામાં નહિ આવે તો અમોને ના છુટકે ધારણા કરવાની ફરજ પડશે તેવી ચીમકી અપાઈ છે.રજૂઆતની નકલ નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી, પાણી પુરવઠા વિભાગ, નલીયા-કચ્છ અને તાલુકા વિકાસ અધિકારી નલિયાને મોકલી યોગ્ય પગલાં લેવા રજૂઆત કરાઈ છે.

VENUS PIPES AND TUBES
## વિનસ પાઈપ્સ એન્ડ ટ્યુબ્સ લીમીટેડ
(CIN : L24311GJ2015PLC082306)
સર્વે નં. ૨૩૩/૨, ૨૩૪/૧, ધાણેટી, ભુજ (કચ્છ-૩૭૦૦૨૦)
ગુજરાત, ઈન્ડીયા - ફોન : +૯૧ ૨૮૩૬ ૨૩૨૧૮૩
E-mail: cs@venuspipes.com | Website: www.venuspipes.com

### ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ સમાપ્ત થયેલા ક્વાટર અને વાર્ષિક ઓડિટેડ નાણાકીય પરિણામ

રૂા. મીલીયનમાં

| ક્રમ | વિગત | ક્વાટર સમાપ્ત 31.03.2026 (ઓડિટેડ) | ક્વાટર સમાપ્ત 31.12.2025 (અન-ઓડિટેડ) | ક્વાટર સમાપ્ત 31.03.2025 (ઓડિટેડ) | વર્ષ સમાપ્ત 31.03.2026 (ઓડિટેડ) | વર્ષ સમાપ્ત 31.03.2025 (ઓડિટેડ) |
|---|---|---|---|---|---|---|
| 1 | ઓપરેશન્સ (ચોખ્ખી) માંથી કુલ આવક | 3,021.95 | 2,966.99 | 2,581.36 | 11,668.48 | 9,585.26 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો-નુકશાન (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલાં)ના | 347.73 | 348.81 | 324.13 | 1,377.88 | 1,253.66 |
| 3 | કર પહેલાના સમયગાળા માટે ચોખ્ખો નફો (નુકસાન) (અપવાદરૂપ / અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 349.60 | 342.36 | 324.13 | 1,373.30 | 1,253.66 |
| 4 | સમયગાળા માટેનો ચોખ્ખો નફો (નુકસાન) (અપવાદરૂપ / અથવા અસાધારણ વસ્તુઓ પછી) | 254.96 | 256.12 | 237.05 | 1,019.62 | 928.89 |
| 5 | સમયગાળા માટેની કુલ વ્યાપક આવક નફો (નુકસાની) સમયગાળા માટે (કર પછી) નો સમાવેશ અને અન્ય વ્યાપક આવક (કર પછી) | 254.68 | 252.82 | 232.17 | 1,027.29 | 923.57 |
| 6 | પેઈડ-અપ ઈક્વીટી શેર મુડી (દરેક રૂા. ૧૦/- ની ફેસ વેલ્યુ) | 207.16 | 207.16 | 204.31 | 207.16 | 204.31 |
| 7 | અનામત (બતાવ્યા પ્રમાણે મૂલ્યાંકન અનામત સિવાય ગત વર્ષની બેલેન્સશીટમાં) | - | - | - | 6,477.63 | 5,110.49 |
| 8 | શેર દીઠ આવક રૂા. ૧૦ પ્રતિ (બોનસ પછી) | | | | | |
| | પ્રાથમિક : | 12.38 | 12.46 | 11.65 | 49.51 | 45.65 |
| | ડીલ્યુટેડ : | 12.36 | 12.43 | 11.60 | 49.43 | 45.45 |


નોંધઃ-
૧. ઉપરોક્ત SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરવામાં આવેલા સ્ટેન્ડ અલોન અને એકીકૃત નાણાકીય પરિણામોના નિવેદનમાંથી એક હિસાબ છે. ત્રિમાસિક/વાર્ષિક નાણાકીય પરિણામો અને નોંધોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ (www.nseindia.com અને www.bseindia.com) અને કંપનીની વેબસાઈટ એટલે કે www.venuspipes.com પર ઉપલબ્ધ છે.
૨. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને તેના હેઠળ બનાવેલા નિયમો અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૨ અનુસાર, કંપનીના ડિરેક્ટર બોર્ડે ૨૬ મે, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૦.૫ ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે, એટલે કે, આગામી વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોની મંજૂરીને આધીન, પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૧૦/- ના ફેસ વેલ્યુ પર ૫%. આ સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જાહેર કરાયેલ કુલ ડિવિડન્ડ રૂ. ૧૦/- ના ઈક્વિટી શેર રૂ. ૧ થાય છે.
૩. કંપનીના શેરધારકો, જેમણે હજી સુધી તેમનું ઈમેલ સરનામું રજીસ્ટર/ અપડેટ કર્યું નથી, તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ડિપોઝિટરી સહભાગી સાથે તેમના ઈમેલ એડ્રેસની નોંધણી/ અપડેટ કરે અથવા તેમની સંમતિ einward.ris@kfintech.com અથવા venus.ipo@kfintech.com પર મોકલે. તેમના ફોલિયો નંબર/DPID CL ID અને નોંધણી/અપડેશન માટે માન્ય ઈમેલ એડ્રેસ સાથે.

ફોર, વિનસ પાઈપ એન્ડ ટ્યુબ્સ લીમીટેડ
અરૂન કોઠારી
(ચેરમેન એન્ડ મેનેજીંગ ડાયરેક્ટર)
ડીઆઈએન : ૦૦૯૨૬૬૧૩

તારીખ : મે ૨૬, ૨૦૨૬
સ્થળ : ધાણેટી

## અભિનંદન





મહાવીરસિંહ જાડેજા — ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત
જયેન્દ્રસિંહ જાડેજા — પ્રમુખશ્રી, અબડાસા તાલુકા પંચાયત

આપશ્રીઓની ઉપરોક્ત હોદ્દા પર વરણી થતા ખૂબ ખૂબ અભિનંદન

-:: શુભેચ્છક ::-
- ઋષિરાજસિંહ મહાવીરસિંહ જાડેજા - અકરી
- અશ્વિનસિંહ બળુભા જાડેજા - અકરી
- ખમીશાભાઈ કોલી - વાગોઠ
- બબા કાસુ કોલી - નવાવાસ
- કાનાભાઈ જાગરીયા - નાનીબેર
- ઈબ્રાહીમ સુગાર જત - મોહાડી
- જુસબ અલી જત - વાલાવારીવાંઢ
- ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા - અકરી
- બળદેવસિંહ નોગુભા જાડેજા - અકરી
- રવિરાજસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા - અકરી

## જાહેરનામું
## મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**(જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦ મો))**

જીલ્લોઃ- કચ્છ
ક્રમાંકઃ- :- અમ-મ-૨૦૨૬-૪૬૯ જકચ-૧૪૨૦૨૬-૨૦૬-ચ તાઃ-

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (હવે પછી તેનો ઉલ્લેખ અધિનિયમ તરીકે કરવામાં આવશે)ની કલમ ૧૧ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં દર્શાવવામાં આવેલ જમીનની જાહેર હિતના હેતુ માટે એટલે કે, અંજાર મુન્દ્રા બાયપાસ રોડ બનાવવાના પ્રોજેક્ટ અંગે સંપાદિત કરવાની જરૂર છે.

આથી જાહેર કરવામાં આવે છે કે,

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન હે. ૫૯૦૦ ચો.મી. છે. અને તે કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના નાગલપર(મોટી) ગામમાં આવેલ છે.
(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. અંજાર મુન્દ્રા બાયપાસ રોડ બનાવવાના પ્રોજેક્ટ માટે નિર્માણકાર્ય જરૂરી છે.
(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. લાગુ પડતું નથી.
(૪) ગુજરાત અધિનિયમ- ૧૨/૨૦૧૬ થી દાખલ કરેલ કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગ. ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૬-૩૨૬-જકચ-૧૪૨૦૨૬-૨૦૬-ચ. તા.૨૪/૦૩/૨૦૨૬ થી મુક્તિ આપવામાં આવેલ છે. આ ઉકત અધિનિયમની કલમ. ૧૦એ હેઠળ સામાજિક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.
(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુકત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. લાગુ પડતું નથી.

આ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે, કોઈપણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહિ. આ જાહેરનામું બહાર પડ્યા બાદ, કલેકટરશ્રીની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઇ ભાગની વેચાણ, ભાડાપટ્ટે આપવી. ગીરવે મૂકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા સહિત કોઈપણ સ્વરૂપે કરવામાં આવેલી લેવડ દેવડને. જમીનના જે ચોક્કસ ભાગનુ આખરી સંપાદન કરવામાં આવે તેવું, અધિનિયમની કલમ-૨૭ હેઠળ વળતર આકારતી વખતે. સંબંધિત અધિકારી ધ્યાનમાં લેશે નહિં.

ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો, અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર અને તેમાં જણાવેલી રીતે આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે, તો આવી હકિકત, અધિનિયમની જોગવાઇ મુજબ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩(૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩(જી) હેઠળ મળેલી સત્તાની રૂએ, રાજ્ય સરકાર, આ જમીનોના સંબંધમાં આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાર્ય કરવા અને ફરજો બજાવવા માટે નાયબ કલેકટર અંજારને જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે,

આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦(સાઈઠ) દિવસની અંદર આ અધિનિયમની કલમ-૧૫ મુજબ સંપાદન બાબતે હિત ધરાવતી વ્યકિતને જો કોઈ વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેકટરશ્રી કચ્છ અથવા અધિકૃત અધિકારીને રજુઆત કરી શકશે.

**અનુસૂચિ**

મોજે-નાગલપર(મોટી) તા.-અંજાર જી.કચ્છ

| ક્રમ | સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી) |
|---|---|---|
| ૧ | ૨૪૬/પી ૧ | ૫૯૦૦ |
| કુલ | | ૫૯૦૦ |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નામાનિ/કચ્છ/૧૫૫/૨૦૨૬-૨૭)

રાજ કામેરા
સરકારના ઉપસચિવ

Bandhan Bank
રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

### સાંકેતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી કમલેશ પરબતભાઈ સંગાર<br>શ્રી પરબત કેશર સંગાર<br>૨૦૦૦૨૧૫૦૦૦૧૧૪૪ | તમામ ચલ અને અચલ સંપત્તિ, રેવન્યુ સર્વે નં. ૭૨૫, પ્લોટ નં. ૩૮, સબ પ્લોટ નં. ૩૮/એ સાઉથ સાઇડ પાર્ટ, જીત નગર, ગામ– બિદાડા, તાલુકો– માંડવી, જિલ્લો– કચ્છ, ગુજરાત– ૩૭૦૪૩૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સબ પ્લોટ નં. ૩૮/બી પર બાંધેલું મકાન, પૂર્વઃ પ્લોટ નં. ૪૫, પશ્ચિમઃ ૬.૦૦ મીટર પહોળો આંતરિક રસ્તો, દક્ષિણઃ પ્લોટ નં. ૩૯ | જાન્યુઆરી ૧૯, ૨૦૨૬ | મે ૨૧, ૨૦૨૬ | રૂ.૨,૪૯,૮૬૬.૭૬ (જાન્યુઆરી ૦૯, ૨૦૨૬ ના રોજ) |

સ્થળઃ માંડવી
તારીખઃ મે ૨૭, ૨૦૨૬
અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

Bandhan Bank
રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

### સાંકેતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| અલ્તાફ અનવરભાઈ બુચડ<br>શ્રી અખ્તર અનવરભાઈ બુચડ<br>શ્રીમતી હસીનાબહેન અનવરભાઈ બુચડ<br>હમીદાબાઈ રમઝાનલી મનાણી<br>૨૦૦૦૨૧૫૦૦૦૧૦૭૨ | તમામ ચલ અને અચલ સંપત્તિ, મિલકત – મહેસૂલ સર્વે નં. ૧૮૫ પૈકી, પ્લોટ નં. ૧૫ પૈકી સબ પ્લોટ નં. ૧૫–એ, આશાપુરા નગર, ગામઃ બારોઈ, તાલુકોઃ મુન્દ્રા, જિલ્લોઃ કચ્છ. ગુજરાત., ૩૭૦૪૨૧ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૧૦, પૂર્વઃ પ્લોટ નં. ૧૪, પશ્ચિમઃ પ્લોટ નં. ૧૫–બી, દક્ષિણઃ ૬ મીટર પહોળો આંતરિક રસ્તો | ફેબ્રુઆરી ૧૮, ૨૦૨૬ | મે ૨૫, ૨૦૨૬ | રૂ. ૧૪,૨૧,૭૬૦.૬૩ (ફેબ્રુઆરી ૧૧, ૨૦૨૬ ના રોજ) |

સ્થળઃ મુન્દ્રા
તારીખઃ મે ૨૭, ૨૦૨૬
અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

## પ્રાર્થ-સ્મરણ સભા



શ્રીનાથ શરણેય
(જ્ઞાન, કર્મ અને ભકિતના માર્ગ ના ઉપાશક )
**સ્વ.શ્રી નિતીનભાઈ દિનકરરાવ દેસાઈ**
સ્વ. તા. ૨૫.૦૫.૨૦૨૬, (મુળઃ અમદાવાદ, હાલે ભુજ)

આપણા જીવનમાં કેટલીક વ્યકિતઓ એવી હોય છે.
જેઓની ખોટ ક્યારેય પૂરી થઈ શકતી નથી.
તેમના સ્નેહ અને સારા સંસ્કારો હંમેશા હૃદયમાં જીવંત રહે છે.

**ડો. હેમાલી મુકેશ ચંદે (પુત્રી)**
**ડો. મુકેશ લીલાધર ચંદે (જમાઈ)**
(પ્રમુખશ્રી, ભુજ લોહાણા મહાજન)
**પ્રિયાંશી તથા પ્રિયાંશ (દોહીત્રી-દોહીત્ર)**
**સ્વ. દીનકરરાવ ધીરજલાલ દેસાઈ પરિવાર**
**સ્વ. ભીમજી વાલજી ચંદે પરિવાર**

-:: પ્રાર્થના સભા ::-
બુધવાર, ૨૭/૦૫/૨૬ - સાંજે ૫:૦૦ થી ૬:૦૦,
શેઠ શ્રી નાનજી સુંદરજી સેજપાલ (ભીવંડીવાલા)
નવી લોહાણા મહાજનવાડી (રૂખાણા હોલ) ભુજ


## કચ્છના ગોલ્ડ સ્કેમ્સના તાર છેક અમેરિકા સુધી જોડાયા

# કચ્છના કૌભાંડોમાં વપરાતી મોડસ ઓપરેન્ડી હવે વૈશ્વિક મની લોન્ડરિંગ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટનો હિસ્સો બની

### સસ્તા સોનાની લાલચ આપી કરોડો પડાવતી ગેંગની વૈશ્વિક મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ : સોશિયલ મીડિયાના દુરુપયોગથી લઈને વિદેશી નાગરિકોને નિશાન બનાવવા સુધીનાં કિસ્સા ઉજાગર

ભુજ - કચ્છઉદય: સરહદી જિલ્લા કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી સાયબર અને નાણાકીય છેતરપિંડીના ગુનાઓમાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. સ્થાનિક કટોતીબાજો અને આંતરરાજ્ય ગુનાહિત સિન્ડિકેટ દ્વારા હવે બજાર ભાવ કરતાં અત્યંત સસ્તા દરે સોનું પૂરું પાડવાની લોભામણી લાલચ આપીને નિર્દોષ વેપારીઓને શિકાર બનાવવામાં આવી રહ્યા છે. પશ્ચિમ અને પૂર્વ કચ્છ પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા શ્રેણીબદ્ધ ઓપરેશન્સમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ સ્થાનિક કૌભાંડોમાં વપરાતી મોડસ ઓપરેન્ડી હવે માત્ર ગુજરાત પૂરતી સીમિત નથી રહી, પરંતુ તે વૈશ્વિક મની લોન્ડરિંગ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ નેટવર્કનો એક મોટો હિસ્સો બની ગઈ છે. સોશિયલ મીડિયાના દુરુપયોગથી લઈને વિદેશી નાગરિકોને નિશાન બનાવવા સુધી વિસ્તરેલા આ આર્થિક સામ્રાજ્યનો પર્દાફાશ કરવા પોલીસે હવે કમર કસી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સરહદી જિલ્લા કચ્છમાં છેલ્લા આશરે એકાદ વર્ષના સમયગાળા દરમિયાન સાયબર

અનુસંધાન પાના નં.૫ પર

### ગુપ્ત ધન અને જમીન ખોદકામનો ભ્રમ

ભુજ – કચ્છઉદય : ગુનાહિત નેટવર્કની બીજી મહત્વની કડી ગ્રામીણ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતા કચ્છ જિલ્લાના ભૌગોલિક વારસાનો ગેરલાભ ઉઠાવે છે. આરોપીઓ બહારના જિલ્લાના શિકારને એવો વિશ્વાસ અપાવે છે કે તેમના ખેતરમાં અથવા ભુજ નજીક ચાલી રહેલા કોઈ બાંધકામ કે ખોદકામ દરમિયાન અતિ પ્રાચીન સોનાના સિક્કા અથવા તો સોનાની ભારે ઈંટોનો ઘડો જમીનમાંથી અનાયાસે મળી આવ્યો છે. સુરતના એક લેબર કોન્ટ્રાક્ટર ધર્મેશ રમણીને આ જ પ્રકારે વિશ્વાસમાં લઈ આરોપી મહેશ હમરિયા તોમરે અસલી સોનાના નાના ટુકડાનું સેમ્પલ આપી વિશ્વાસ સંપાદિત કર્યો હતો. ત્યારબાદ ભુજના ખોદકામમાંથી મળેલા ૧ કિલો સોનાના બિસ્કિટ આપવાના બહાને રૂ. ૯,૦૦,૦૦૦ પડાવી લીધા હતા, જે પાછળથી પિત્તળના નકલી બિસ્કિટ સાબિત થયા હતા. આરોપી આ ગુનો આચરીને ૯ વર્ષ સુધી ફરાર રહ્યો હતો, જેને છેવટે સુરત ક્રાઈમ બ્રાન્ચે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાંથી મજૂરી કામ કરતા ઝડપી પાડ્યો હતો.

### ટેકનોલોજીકલ અને સાયબર પદ્ધતિઓનું ઊંડાણપૂર્વકનું વર્ગીકરણ

ભુજ – કચ્છઉદય : આજકાલ આ ગુનાહિત પ્રવૃત્તિઓ માત્ર પરંપરાગત ભૌતિક મુલાકાતો સુધી સીમિત નથી રહી પરંતુ તેમાં સાયબર સ્પેસ અને સોશિયલ મીડિયાનો આક્રમક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ગુનાહિત નેટવર્ક મુખ્યત્વે બે પ્રકારે કાર્ય કરે છેઃ ગુનેગારો ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર સામાન્ય રીતે આદરણીય વ્યાપારી વર્ગના નામો (જેમ કે 'ભરત જૈન') સાથે બોગસ પ્રોફાઈલ્સ ઊભી કરે છે. આ આઈડી પરથી સોનાના ચળકતા બિસ્કિટના ફોટા અને રીલ્સ સાથે આકર્ષક કેપ્શન જેમ કે "૫ કા ૧૫" (૫ હજાર સામે ૧૫ હજાર) અથવા "ફેસ ટુ ફેસ હેન્ડ ટુ હેન્ડ ડીલ" અને બજાર ભાવ કરતાં ૧૫% ઓછું સોનું આપવાની લોભામણી જાહેરાતો પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભુજના ગાંધીનગરી વિસ્તારમાંથી પશ્ચિમ કચ્છ એલસીબી દ્વારા ઝડપાયેલા સમીર અલીમામદ પડયાર પાસે રહેલા મોબાઈલ ફોનની તપાસ દરમિયાન આ ડિજિટલ પદ્ધતિનો ઘટસ્ફોટ થયો હતો. તે ફેસબુક પર સસ્તા સોનાની ઓફરો સાથે જ "એક લાખ આપો અને પાંચ લાખ મેળવો" જેવી નકલી નોટોના કૌભાંડની જાહેરાતો પણ પોસ્ટ કરીને લોકોને લલચાવતો હતો.


## પ્રથમ મહિલા મેયરને ખુબ ખુબ અભિનંદન



**શ્રીમતી દિવ્યાબેન જીતેન્દ્રભાઈ નાથાણી**
પ્રથમ મહિલા મેયરશ્રી ગાંધીધામ મહાનગરપાલિકા

આપશ્રીની ગાંધીધામ મહાનગરપાલિકાના **પ્રથમ મહિલા મેયરશ્રી** તરીકે નિમણુંક થવા બદલ આપશ્રીને ખુબ ખુબ અભિનંદન.... આપશ્રી રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી વધુને વધુ નામના મેળવો તથા ગાંધીધામ સંકુલના સર્વાંગી વિકાસ કાર્યો કરતા રહો તેવી અંતરની શુભકામના સાથે ખુબ ખુબ અભિનંદન....

::: શુભેચ્છક :::
MANANTA GROUP
Brutal Simplicity of the thought...
Gandhidham-Kutch.



## માંડવી મધ્યે અમારી નવી બ્રાન્ચનું શુભારંભ

આજરોજ તા.૨૭/૦૫/૨૦૨૬, બુધવારે સવારે ૯:૦૦ કલાકે

**લક્ષ્મી બેકરી&સ્નેકસ**
LAXMI BAKERY Cake Shop since 1981
લાઇવ કેક શોપ - 100% વેજ

કેક, પેસ્ટ્રી, પાંઉ, બ્રેડ, પીઝા બેઝ, રેડીમેડ પફ-પીઝા, બેકરી બિસ્કીટ્સ, નાન ખટાઇ, મસ્કા બન તથા બેકરીની તમામ આઇટમો મળશે
સ્થળ : ભીડ બજાર, માં સંતોષી જયુસ સેન્ટરની બાજુમાં, માંડવી-કચ્છ.
નિમંત્રક : સુનિલભાઇ પી.ભાનુશાલી : મો.૭૮૭૪૩ ૩૫૩૩૩


## ગાંધીધામમાં સોનાના નામે લાખોની છેતરપિંડી કરાઈ

ગાંધીધામ: ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોનું ગીરવે મૂકવાના બહાને એક વ્યક્તિ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ફરિયાદી લખમણભાઈ વાલજીભાઈ બતા (રહે. આહીર બોર્ડિંગ, માધાપર, ભુજ) એ આરોપી હર્ષ કરશનભાઈ મહેશ્વરી (રહે. ગાંધીધામ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી હર્ષ મહેશ્વરી 'મીના ગોલ્ડ બાયર' નામની કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે.આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી, કંપનીમાં ફોન કરીને ફરિયાદીના ૪૮.૪૩ ગ્રામ સોનાના દાગીના 'આઈ.આઈ.એફ.એલ ગોલ્ડ ફાઈનાન્સ'માં ગીરવે મૂકી લોન લીધી હતી. ત્યારબાદ સોનું છોડાવવાના બહાને ફરિયાદીને ગાંધીધામ બોલાવી વિશ્વાસમાં લીધા હતા. આરોપીએ સોનું છોડાવવા માટે ફરિયાદી પાસેથી કુલ રૂ. ૩,૦૯,૦૦૦/- ની રકમ મેળવી હતી. જેમાંથી રૂ. ૩,૦૮,૦૦૦/- આરોપીએ પોતાના કોટક મહિન્દ્રા બેંકના ખાતામાં આર.ટી.જી.એસ. કરાવ્યા હતા.

અનુસંધાન પાના નં.૫ પર


## વિનમ્ર શ્રદ્ધાંજલિ



**સ્વ. વસંતકુંવરબા સાવજસિંહજી જાડેજા**
(ઉ.વ. ૭૩) (મુળ વતન : વિંઝાણ, હાલે ભુજ) સ્વ. તા. ૨૩/૫/૨૦૨૬ (શનિવાર)

આપનો પરિવાર પ્રત્યેનો સ્નેહ અને માયાળુ સ્વભાવ કૌટુંબિક પરિવારની ભાવના અને ધાર્મિક ભકિત ધર્મભાવના, સંસ્કારનું સિંચન કરી ધન્ય જીવન જીવી ગયા. આપના આદર્શ અને ક્ષત્રિય સંસ્કારોનું સિંચન અમારા જીવનનું માર્ગદર્શન બની રહેશે. આપની અણધારી વિદાયથી પરિવારને ક્યારેય ન પૂરાય તેવી ખોટ હંમેશાં રહેશે. ઈશ્વરને ગમ્યું તે ખરું, ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી જ વંદના.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

-:: શોકમગ્ન ::-

- પતિઃ સ્વ. સાવજસિંહજી વખતસિંહજી જાડેજા
  (કચ્છ ઈતિહાસ પરિષદના પૂર્વ પ્રમુખ)
  (કચ્છ રાજપૂત ક્ષત્રિયસભા પૂર્વ ઉપપ્રમુખ)
- પુત્રઃ જાડેજા વિરભદ્રસિંહ સાવજસિંહજી
  (અધ્યક્ષશ્રી, રાજપૂત કરણીસેના ગુજરાત પ્રદેશ)
- પુત્રઃ જાડેજા શિવભદ્રસિંહ સાવજસિંહજી
  (આસિસ્ટન્ટ જનરલ મેનેજર D.P.WORLD મુન્દ્રા)
- દિયરઃ જાડેજા કિશોરસિંહ વખતસિંહજી
  (પૂર્વ બાંધકામ ચેરમેન, કચ્છ જિ.પં.)
  જાડેજા સજ્જનસિંહ વખતસિંહજી
  (સરપંચશ્રી, વિંઝાણ ગ્રા.પં.)
  સ્વ. જાડેજા પ્રાગજીભાઈ અમરસિંહજી
  જાડેજા હરિશચંદ્રસિંહ અમરસિંહજી
  (પૂર્વ પ્રમુખશ્રી, રાજપૂત ક્ષત્રિય સભા અબડાસા)
  જાડેજા રઘુવીરસિંહ અમરસિંહજી
  (જેસલ-તોરલ અંજાર આજીવન ભોજનાલયના દાતાશ્રી)
  જાડેજા વિક્રમસિંહ અમરસિંહજી
  (કચ્છ જિલ્લા ભાજપ કિસાન મોરચા ઉપપ્રમુખ)
- પૌત્રઃ જાડેજા હરદિપસિંહ વિરભદ્રસિંહ
  જાડેજા ધર્મદિપસિંહ વિરભદ્રસિંહ
  જાડેજા મહીપાલસિંહ શિવભદ્રસિંહ
- જમાઈ સાહેબશ્રી : સિદ્ધરાજસિંહ હરિશચંદ્રસિંહ ઝાલા
  (ઈશનપુર-હળવદ)
  કર્મરાજસિંહ વિરભદ્રસિંહ ચૂડાસમા
  (કાદિપુર, હાલે-અમેરિકા U.S.A.)
- ભાઈઓશ્રી : વાઘેલા ધર્મેન્દ્રસિંહ કલ્યાણસિંહ
  વાઘેલા દિલીપસિંહ કલ્યાણસિંહ
  વાઘેલા શૈલેન્દ્રસિંહ કલ્યાણસિંહ
  વાઘેલા પ્રતાપસિંહ ભાવુભા
  વાઘેલા ગજેન્દ્રસિંહ ભાવુભા
- ભત્રીજાઓ : વાઘેલા નરેન્દ્રસિંહ • વાઘેલા હિતેન્દ્રસિંહ
  વાઘેલા જયદિપસિંહ • વાઘેલા મહિપાલસિંહ
  વાઘેલા ધ્રુવરાજસિંહ • વાઘેલા હરદિપસિંહ
  વાઘેલા સમીરસિંહ • વાઘેલા યુવરાજસિંહ
  (વાસણા-ઈયાવા)

**વખતસિંહજી ભારાજી જાડેજા પરિવાર (વિંઝાણ) તથા અમરસિંહજી ભારાજી જાડેજા પરિવાર (વિંઝાણ)**

સદ્‌ગતનું બેસણું
તા. ૨૪/૫/૨૦૨૬થી તા. ૩/૬/૨૦૨૬ સુધી સવારે ૦૯.૦૦થી સાંજે ૦૬.૦૦ સુધી તેમના નિવાસસ્થાને રાખેલ છે.

જાહેર પ્રાર્થનાસભા
તા. ૨૮/૫/૨૦૨૬, ગુરૂવારના સમય : ૦૪.૦૦થી ૦૬.૦૦
કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મિરજાપર રોડ, ભુજ મુકામે રાખેલ છે.



## મંગે ભાનુશાલી પરિવાર દીકરીનું ગૌરવ





**શ્રીમતી દિવ્યાબેન જીતેન્દ્રભાઈ નાથાણી (ભાનુશાલી)**
પ્રથમ મહિલા મેયરશ્રી
ગાંધીધામ મહાનગરપાલિકા

**શ્રી જીતેન્દ્રભાઈ શ્યામકુમાર નાથાણી (ભાનુશાલી)**
ઉપપ્રમુખશ્રી,
સીંધી ભાનુશાલી સમાજ, ગાંધીધામ

આપશ્રીની ગાંધીધામ મહાનગરપાલિકાના **પ્રથમ મહિલા મેયરશ્રી** તરીકે વરણી થવા બદલ સમગ્ર સીંધી ભાનુશાલી સમાજનું નામ રોશન કર્યું છે. આપશ્રી રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી પરિવાર તેમજ સીંધી ભાનુશાલી સમાજનું નામ વધુને વધુ રોશન કરો તેવી અંતરની શુભકામના સાથે ખુબ ખુબ અભિનંદન....

::: શુભેચ્છક :::



**મીર્ચુભાઈ એલ. ભાનુશાલી**
**લધારામ મુલચંદ**
સ્ટેશન રોડ, ગાંધીધામ
સમસ્ત મંગે (ભાનુશાલી) પરિવાર